


# અધ્યાત્મ

વર્ષ : ૧૩

અંક : ૨

નવેમ્બર–૧૯૯૧

# * અભિનંદન *

આ અંક મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર ટોરન્ટો, (કેનેડા) તરફથી તેમના દશાબ્દિ વર્ષ નિમિત્તે પ્રસિદ્ધ કરાઇ રહ્યો છે. સને ૧૯૮૧ માં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની પ્રેરણાથી ટોરન્ટોમાં ધ્યાનકેન્દ્ર શ્રી સુરેશભાઇ શાહ દ્વારા શરૂ કરવામાં આવ્યું. તેને દસ વર્ષ પૂરાં થયાં. આ કેન્દ્રે વિદેશમાં વસતા ભારતીય પરિવારોના જીવનમાં શુદ્ધિ, પવિત્રતા અને પ્રભુપ્રેમનું સિંચન કર્યું છે. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ ત્યાંના બાળકો અને યુવક–યુવતીઓના જીવનમાં કેવો ઊંડો પ્રવેશ કરીને, તેઓના જીવનમાંથી માંસાહાર, મદ્ય અને અન્ય અપવિત્ર વસ્તુઓનો સમજપૂર્વકનો ત્યાગ પ્રેરીને–પાશ્ચાત્ય સંસ્કૃતિનાં અનિષ્ટ બળોથી તેઓનું કેવું સરસ રક્ષણ કર્યું છે તે દેખાય છે. વળી પ્રભુ પ્રત્યેનાં શ્રદ્ધા ભક્તિ પ્રેરી તેઓને નવું જીવનબળ પૂરું પાડયું છે.


આનું દર્શન આ અંકમાં પૂ. માના સાન્નિધ્યમાં કરાયેલા 'ફ્લોરિડા યાત્રામાં' જોડાયેલ બાળકોએ પોતાના લખાણોમાં કરાવ્યું છે. એમનું લખાણ ભલે સીધું, સાદુ ને ભાષાની ભભક વિનાનુ હોય, છતાં એમાં એમના હૃદયના નિખાલસ ભાવો સરસ રીતે વ્યક્ત થયા છે. સહુને તે વાંચવા ગમશે. અંગ્રેજી ન જાણનારાઓ પણ એનો રસાસ્વાદ માણી શકે તે માટે તેનો ગુજરાતી અનુવાદ પણ મૂક્યો છે.

પૂ. માની વિદેશની યાત્રાઓ દ્વારા ત્યાં કેવું પાયાનું કામ થઇ રહ્યું છે, તે પણ આપણને તેમાં જોવા મળે છે.

( અનુસંધાન પાના ૨ ઉપર )



પૂ. મા. સર્વેશ્વરી મહાત્માશ્રી યોગેશ્વરજીના સ્વરૂપ સાથે



ફ્લોરીડા યુનિવર્સલ સ્ટુડીઓમાં પૂ. મા સર્વેશ્વરી



ફ્લોરીડા યાત્રાના યાત્રીઓસાથે પૂ. મા સર્વેશ્વરી



કેમ્પીંગના તંબુની બહાર પૂ. મા સર્વેશ્વરી સાથે ધ્યાનની બેઠક

# પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજી

ના

## શ્રી ચરણોમાં અર્પણ



# પૂ. મા સર્વેશ્વરી

ના

## જન્મદિન પ્રસંગે

## આ અંક

શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર

ટોરન્ટો, કેનેડા

તરફથી

પ્રકાશીત થઇ રહ્યો છે.

# * નૂતન વર્ષાભિનંદન *

અધ્યાત્મનો નવે. ૯૧ નો આ અંક આપના હાથમાં આવશે, ત્યારે દીપોત્સવી અને નૂતનવર્ષ તેમ જ લાભ પાંચમના મંગલ પર્વો વીતી ગયાં હશે. આમ છતાં, આ માસિકના અંક દ્વારા અમે સર્વે વાંચકોને નૂતનવર્ષાભિનંદન પાઠવીએ છીએ. નવું વર્ષ આપ સહુને માટે ભૌતિક સમૃદ્ધિ તો લાવે, પણ સાથે માનસિક શાન્તિ, તેમ જ પવિત્રતા, સાધના, તપ અને તેજસ્વીતા દ્વારા આત્મિક ઉન્નતિનાં દ્વાર પણ ઉઘાડે એવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

દિવાળીના દિવસોમાં ટપાલના થતા ભારે ભરાવાને લીધે, વાંચકોને અધ્યાત્મનો આ અંક થોડો મોડો મળે તો ક્ષમા કરે.

તંત્રી

## * અભિનંદન *

(ટાઇટર ૨ નું અનુસંધાન)

આથી આ બાળ ને યુવક સાધકો, ટોરન્ટો ધ્યાન કેન્દ્રના ભાઈબહેનો આપણા સહુના અભિનંદનનાં અધિકારી છે. પૂ. માને તો આપણે શું અભિનંદન આપીએ? તેઓ સ્વયં તો આ પરિવર્તનનાં પ્રાણ બન્યાં છે, અમારી પણ પ્રેરણા અને પીઠબળ બન્યાં છે. એનાથી જ અધ્યાત્મ અને આ શરીર ચાલી રહ્યાં છે, એ સહુ જોઈ શકે છે.

તંત્રી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૫ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરી એક વિરલ તપસ્વીની | નારાયણ હ. જાની | ૧૦ |
| FLORIDA YATRA | — | ૧૪ |
| કેમ્પીંગ | શ્રી જયંતિ પટેલ | ૪૨ |
| પૂ. માના સાન્નિધ્યમાં ફ્લોરીડા યાત્રા | પી. કે. શાહ | ૪૯ |
| સદ્‌ભાવભરી ભેટ | — | ૫૪ |
| મહાભિનિષ્ક્રમણ | ગોરધનભાઇ કલોલા | ૫૬ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ નવેમ્બર–૧૯૯૧ અંક : ૨


## શ્રી યોગેશ્વર કથામૃત

(ગતાંકથી ચાલુ) મા સર્વેશ્વરી

**તા. ૧૩–૧૧–૮૦ લાભપાંચમ, ગુરુવાર.**

ધૂનના શબ્દો નીચે મુજબના હતા.

'જીસ દેશમેં જીસ વેશમેં.

નાવ જ્યારે ગોળાકાર ઘૂમતી હતી ત્યારે સૌ ભક્તો સહિત નાવિક પણ ખૂબ ખૂબ પ્રસન્નતા અનુભવતો હતો. નાવકિનારે આવી ગઈ. નાવિક ઉતર્યો. તે દરમ્યાન તેનું નામ પૂછવામાં આવ્યું. રામખિલૌના નામનો એ નાવિક સાચે જ ભાવિક હતો. દરેકના નિયમ પ્રમાણે ૧ રૂા. થતો હતો જેથી શ્રી વિનુભાઈ અમીન (જનરલ મેનેજર–ઉત્તરની યાત્રાના) નવ રૂપીયા અને બીજો ૧ એમ ૧૦ રૂા. આપ્યા.

ત્યાં જ પૂ. શ્રીએ નાવિકને પોતાની પાસે બોલાવ્યો. સર્વેશ્વરીએ નાવિકને કંઈક આપવા ધાર્યું હતું. પૂ. શ્રીને વાત પણ

કરી હતી એના અનુસંધાનમાં પૂ. શ્રીએ નાવિકને ૧૦૦ રૂ. ની રકમ એના ધંધામાં મદદરૂપે આપી.

નાવિક પ્રામાણિક, નમ્ર, સેવાભાવી લાગ્યો એ નાવિક અમારી સાથે ત્રણ કલાક રહ્યો. એ નાવિકને સ્વપ્ને પણ ખ્યાલ ન હોય કે જેને હું પાર ઉતારી ગયો તે તો કરોડોના તારણહાર છે. અને એવા એ તારણહારના પવિત્ર કરકમળોથી આટલી મોટી રકમ મદદમાં મળશે. અહોભાગ્ય એ નાવિકનાં!

નાવિકનો પ્રેમભાવ સૌને મુગ્ધ કરે એવો હતો. અજાણ્યો પ્રદેશ, અજાણ્યો નાવિક, અજાણ્યા યાત્રિકો, પ્રભુ કેવો સંગમ રચે છે! ધન્ય છે પ્રભુ તને ધન્ય છે તારી લીલાને!

આજે પૂ. શ્રીએ ઘણી મોટી હિંમત કરી. હજી તો માંડ માંદગીમાંથી ઉઠયાને એક વરસ થયું છે. જ્યાં ડોક્ટરો જીવનભર વધુ પરિશ્રમની કે આટલી ઊંચી ચઢાઈની ના જ પાડે ત્યાં પૂ. શ્રીએ આ પરિશ્રમ ઉઠાવ્યો. પ્રભુના કૃપાપાત્રને પ્રભુ કેવી કૃપા કરીને ધન્ય ધન્ય બનાવે છે તે પૂ. શ્રીના જીવનમાં જોવા મળે છે.

પૂ. શ્રી કહે છે, "હું તો હજી ૧૨ જ માસનો થયો. જુઓ પહેલાના મહાપુરુષોની દંતકથા આવે છે જેમાં જન્મતાંની સાથે જ હસ્યા, ચાલ્યા, બોલ્યા. તો મારે પણ એવું જ થયું કે જુઓ, જન્મતાંની સાથે જ પ્રવચન, યાત્રા, બત્તીસ દાંત પણ."

આ રીતે ઘણીવાર પૂ. શ્રી હસાવે છે, "જુઓ, બારમાસનો હું નાનકડો કેટલું બધું ચાલવાની હિંમત કરું છું! જુઓ, કેટલી ઝડપથી ચાલું છું! ને તમે સૌ મારાથી તો મોટા છો છતાં તમે કેટલા ધીમા છો?"



આ ઉત્તરની યાત્રામાં પૂ. શ્રીનું વિનોદી પાસું જોવા મળ્યા કરે છે. વળી બાબુભાઈ વોરા કે જેઓ હિન્દીમાં વાતચીત કરી કરીને સૌને પ્રસન્નતા પીરસે છે.

* * *

આજની ચિત્રકુટની આ યાત્રામાં સ્મરણીય પ્રસંગોની નોંધ કરતાં એક પ્રસંગ ઉલ્લેખનીય છેઃ–

અત્રિ–અનસુયાની તપોભૂમિના સ્થાનમાં પરમહંસ આશ્રમ છે. ત્યાંના મહંત, યાત્રિકો સ્નાન કરીને જાય તેને છાશનો પ્રસાદ આપે છે.

મહંતે પૂ. શ્રીને મળવાની ઈચ્છા બતાવી. અમે ઉપર ગયા ત્યાં બેઠકમાં મહંતજી ભગવાં વસ્ત્રધારી દંડ ને ત્રિશૂળ ધારી બેઠા હતા.

અમે ત્યાં બેઠા છાશ, જામફળનો પ્રસાદ અમને આપ્યો.

મહંતજીએ વાતો શરૂ કરી. પોતાના ગુરુદેવ શ્રી પરમહંસ-દેવની તેમના જ શબ્દોમાં એ વાત જોઈ લઈએ.

"મહારાજ (પરમહંસ નામના એક સાધુપુરુષ જે મહંતના ગુરુ થતા હતા) અહીં જ રહેતા.

મહારાજની પાસે એક વાઘ આવતો. ૨૦ વરસ પહેલાં જ અહીં આ જગ્યાએ જ આવતો.

એકવાર એ વાઘનો શિકાર કરવા શિકારી આવ્યા. વાઘ આવ્યો. મહારાજે કહ્યું, "તમારાથી થાય તો કરો." પરંતુ શિકારી તો વાઘની ગર્જના સાંભળીને જ રૂમમાં ભરાઈ ગયા. તે છેક બીજે દિવસે સવારે બારણા ખખડાવી કહ્યું કે હવે તો સૂર્યોદય

થયો છે. રાત પૂરી થઇ ગઇ છે, ત્યારે બહાર નીકળ્યા.

એકવાર મહારાજ એક અઠવાડિયા માટે બહાર ગયેલા. તો દરરોજ વાઘ આ સ્થાનની રક્ષા માટે સાંજે ૬ થી સવારે ૬ સુધી ઝાડ નીચે આવીને નિયમિત બેસતો. મહારાજ સાત–આઠ દિવસ બાદ રાત્રે ૧ વાગ્યે આવ્યા તો ૧ વાગ્યા બાદ વાઘ જતો રહ્યો.

અનાજની ગુણ ભરીને તે શ્રીમંત શિકારીએ ભેટ મોકલી હતી. ગુરુદેવને તે અનાજ જોઇતું ન હતું. તો તે અનાજમાંથી ગંધ આવવા માંડી. ગુરુદેવે કહ્યું, "એ અનાજ કોઇને વહેંચી દેજો. તો જ્યાં વહેંચવા માટે ફરી કોથળો ખોલવામાં આવ્યો તો અનાજ સારું થઇ ગયું !" કેવો ચમત્કાર !

**તા. ૧૪–૧૧–૮૦, શુક્રવાર.**

આજે સવારે ચિત્રકૂટથી નીકળી કાશી (વારાણસી–બનારસ) તરફ નીકળ્યા.

માર્ગમાં **ગોપીગંજ** સ્થાનમાં પાંડે હોટલમાં સૌ ભોજન માટે બેઠા. અમને સ્વચ્છતા ન લાગી જેથી હું (સર્વેશ્વરી) ને પૂ. શ્રી ભોજન માટે બેઠાં, પણ ભોજન ન લીધું. ભોજન બાદ બહાર ખેતરમાં આરામ કર્યો. પૂ. શ્રીએ થોડું લેખનકાર્ય કર્યું. સાંજે ૬ વાગ્યે વિનોદ હોટલમાં ઉતારો કર્યો. કાશીમાં આવી ગયાં.

વારણી ને અસિ નામના બે સ્થળ વચ્ચે કાશી નામનું સ્થાન આ છે. શાંત ચિત્રકૂટમાંથી અહીં કોલાહલયુક્ત પ્રદેશમાં આવી ગયાં ! પ્રભુ જે વખતે જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં આનંદ માનવો.

પૂ. શ્રી કહે, "કાલે અસ્થિવિસર્જન કરીશું. કાશીની ગલી પ્રેમનગરની (ભક્તિની) ગલી ખૂબ સાંકડી. એમાં કામ, ક્રોધના



આખલાઓ મળે છે તેમ અહીં પણ મળશે તો ગભરાશો નહિ."

શંકરાચાર્યના (ઇ. સ. પછી ૪૦૦ વરસ પછીનો) સમયમાં કાશીનો ઉલ્લેખ છે. ભર્તૃહરિએ પણ કાશીનો ઉલ્લેખ કર્યો છે.

અસિ નદી, તુલસીદાસનો ઘાટ, બનારસ હિન્દુ યુનિવર્સીટી વગેરેમાં શંકરના મંદિરના દર્શન કર્યાં. "એ મંદિરના ઉદ્‌ઘાટન માટે અમારા હિમાલયના અવધૂત શિરોમણિ ગંગોત્રીના પ. પૂ. કૃષ્ણાશ્રમ મહારાજને માલવિયાજી લાવ્યા હતા. માલવિયાજી હિન્દુ સંસ્કૃતિના રક્ષક હતા."

તુલસી માનસમંદિર જોવા મળશે. ત્યાર પછી પૂ. શ્રીએ દક્ષિણેશ્વર જવાની વાતો કરી.

સત્સંગ બાદ વિશ્રામ. આજે સવારે ભોજન થયું ન હતું તેથી ઇડલી કે પૂરી–શાક મંગાવવામાં આવ્યાં.

અસ્થિ વિસર્જનનું અંતિમ સ્થળ આવી ગયું. રાત્રે આવેલા એ (ઇડલી–સંભાર કે પૂરી–શાક ન મળ્યાં) વડા–સંભાર ન ભાવ્યાં જેથી દૂધ પી લઇને ચલાવી લીધું.

માતાજીના પવિત્ર અસ્થિના વિસર્જનનું આ અંતિમ સ્થળ હતું.

હરિદ્વારમાં અસ્થિ વિસર્જન કરવાનો વિચાર હતો, પણ જતાં ત્યાં નદીમાં પાણી ન હતું. નદી સૂકી હતી, અહીં પાણીના પ્રવાહને સપ્રમાણ વહેવડાવવામાં આવે છે જેથી બંને કિનારા ઉપર પાણી પ્રમાણસર વહે છે. ઘણીવાર નદીમાં પાણી છોડવામાં આવતું નથી જેથી નદી ઘણા દિવસો સુધી સૂકી રહે છે.

( ક્રમશઃ )

પૂ. મા શ્રી સર્વેશ્વરી

# એક વિરલ તપસ્વીની

નારાયણ હ. જાની

૧૩ મી નવેમ્બર પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મ દિવસ. આ પૃથ્વી પર પ્રથમ આંખ ઉઘાડતાં અનેકાનેક બાળકોમાંથી કોઈક વિરલ જ પ્રભુનું કામ કરવા, એમનો મહિમા અને યશ ફેલાવવા, કે લાખ્ખોને પ્રેરણા પાઈ પ્રભુપંથે પગલાં ભરાવવા પોતાની કાયા ઘસી નાંખે છે. એવા સંતો બહુ જ ઓછા પાકે છે; એમના સ્પર્શથી ધરતી ધન્ય બને છે અને વસુંધરાનું વાયુમંડળ પવિત્ર થાય છે. કારણ કે તેઓ બીજાઓના હિત માટે જ પોતાના શરીરને ધારણ કરતા હોય છે.

એવા સંતોનું જીવન તપ અને ઉપાસના કેમ થાય, સંસારના કાદવ વચ્ચે પણ કમળની જેમ ખરડાયા વિના શી રીતે જીવાય એના પાઠ શીખવે છે—પોતાના જીવન વ્યવહાર દ્વારા.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી આવાં જ એક વિરલ તપસ્વીની સંત છે.

તા. ૧૮ માર્ચ ૧૯૮૪ નો દિવસ એ પૂ. મા માટે અન્નના ભોજનનો છેલ્લો દિવસ હતો. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના હાથે પીરસેલું એ છેલ્લું ભોજન બની રહ્યું છે. શરૂના ઉપવાસોમાં તો અમે દિવસો ગણતા. પછી અઠવાડિયાં ગણવા લાગ્યા. પછી વારો આવ્યો મહિનાઓનો. એ ગણતાં પણ થાક્યા; કારણ પછી તો વર્ષ પછી વર્ષ વીતવા લાગ્યાં અને પૂ. માના શારીરિક તપનો અગ્નિ



અવિરતપણે પ્રજ્વલિત બની પ્રકાશી રહ્યો. એમ કરતાં આજે ૭ વર્ષ અને ૮ મહિનાઓનાં વહાણાં તો વીતી ગયાં. હજી આ તપને પૂર્ણતાએ પહોંચવાને કેટલું અંતર કાપવાનું છે, તે અમે જાણતા નથી. પરંતુ પૂ. માની ધીરજ અખૂટ છે. મનોબળ મક્કમ છે અને ધ્યેય પ્રાપ્તિ સુધી ઝઝૂમી લેવાની પૂરી માનસિક તૈયારી છે.

પૂ. માનું આ તપ અનોખું છે. કોઈ વનના એકાંત પ્રદેશમાં કે પહાડોની ગુફામાં એ ગયાં નથી. આપણા સહુની વચ્ચે વસી એ તપે છે. સહુની વચ્ચે વિચરણ કરે છે. સહુને પોતાના તપનાં સાક્ષી બનાવે છે. એમાં પાણી વગરના ઉપવાસો હોય, દૂધ કે ફળ ત્યાગના દિવસો હોય—છતાં તેની કોઈ વ્યથા એમના વ્યવહારમાં દેખાતી નથી. એની કોઈ રેખા મુખ ઉપર અંકિત થતી નથી. બધું સહજ રીતે જ ચાલતું રહે છે. એક બાજુ તપ અને બીજી બાજુ દુનિયાના દેશોમાં દૂર સુદૂર સુધી પથરાયેલા ભક્તોના પરિવારો વચ્ચે વિચરણ. કેટલું કઠણ છે આ કામ! કોણ કરી શકે એ?

પૂ. મા કહે છે, પ્રભુની કૃપાથી જ આ શક્ય છે. બાકી માનવ શરીરનું—અરે, આ મૂઠી હાડકાના પીંજરાનું શું ગજું કે આ તપના ટેકમાં ટકી શકે? ક્યાંય ભાંગીને ભુક્કો થઈ જાય. પ્રભુ જ—પૂ. ગુરુદેવ જ એને સાચવે છે. અરે, અમને તો લાગે છે કે એ અંદર અદૃશ્યરૂપે વસીને જ આ ખેલ કરી રહ્યો છે. નહિ તો સહુ જાણે છે એમ અમે એક ટંક પણ ભૂખ્યાં ન રહી શકતાં. અગિયારસે પણ ફરાળ ખાવું પડતું. ભલે થોડું, પણ થોડુંય લેવું પડે જ. આવી દેહની અને મનની સ્થિતિ પૂ. શ્રીની હયાતિ દરમ્યાન હતી.

પૂ. માના તપની વિશેષતા એ છે કે એ સહજ રીતે ચાલે છે.

એનો એમના મનને કોઈ ભાર નથી; કારણ કે એના કર્તૃત્વનો બધો બોજો પ્રભુના માથે ચઢાવી દીધો છે અને એના યશના ભાગીદાર પણ એ પ્રભુને જ માને છે. આમ ઉપવાસ પોતે કરે છે એવું કોઈ અભિમાન કે અહંભાવ એમની પાસે ફરતો નથી. એમના વ્યવહારમાં જણાતો નથી.

આ બધું માનવ તર્કની મર્યાદાની બહાર છે. શ્રદ્ધા હોય તો જ સમજાય એવી આ વાત છે. એટલે તો એમના તપની વાતો સાંભળીને, અજાણ્યાઓની મતિ મૂંઝાઈ જાય છે; કારણ બુદ્ધિથી એનો કોઈ તોડ નીકળી શકતો નથી; પરમશક્તિની લીલા સમજાતી નથી. પરંતુ એવા અલ્પ સંખ્ય લોકો પણ છે, જે પૂ. માની સાધના અને તપને યથામતિ સમજે છે, એમાં શ્રદ્ધા ધરાવે છે અને એમની પાસે પહોંચી એમનો કૃપાપ્રસાદ પામે છે. પણ તે અતિ થોડા લોકો જ છે—આ દુનિયાના વિશાળ માનવ સમુદાયની સરખામણીમાં—સમુદ્રનાં વિપુલ જલરાશિના થોડાં ટીપાં જેટલા જ. પણ એમાં પૂ. માનો શો દોષ!

પ્રભુએ આંખો આપી હોય છતાં તે બંધ કરી ચાલીએ અને સૂર્યનો પ્રકાશ હોવા છતાં પણ અંધકારનું કષ્ટ ઉઠાવીએ તો—આપણા જેવા કમભાગી કોણ? એ જ રીતે આવાં પરમ તપસ્વીની મા આપણી વચ્ચે વસતાં હોય, વિહરતાં હોય, હરતાં ફરતાં હોય, છતાં તેઓના મહિમાને ન જાણીએ તો આપણા ભાગ્યનો જ એ દોષ—બીજું તો શું કહીએ!

પૂ. મા તો સાક્ષાત્ પ્રેમનું સ્વરૂપ છે. એમના માતૃવાત્સલ્યનું વર્તુલ તો આ સમગ્ર વિશ્વના વાયુમંડળ જેટલું વિશાળ છે—એમાં બેસવા, શાન્તિ પામવા, પ્રભુનો કૃપાપ્રસાદ પામવા હરકોઈને



આવવાની છૂટ છે. પૂ. માનો અંક તો અતિ વિશાળ છે, એના વાત્સલ્યની મૂડી અખૂટ છે, માટે અમે ઉદાર દીલે નિમંત્રીએ છીએ કે હે ભાઈબહેનો, તમે આવો; એકવાર તો એના સત્સંગનું, સાન્નિધ્યનું સુખ માણી તો જુઓ. તમારી ધન્યતાનો પાર નહિ રહે. આ માટે જ્યારે પૂ. મા પ્રત્યક્ષરૂપે અહીં હોય ત્યારે તમો આવો અને આ મહા મહીમયી ભગવતી સ્વરૂપ માનો લાભ લો.

પૂ. મા તેઓના આ નવા વર્ષમાં પોતાનું ધ્યેય પરિપૂર્ણ કરો એ જ પ્રભુને અમારી અંતરની અભ્યર્થના. પૂ. માનાં શ્રીચરણોમાં અમારા હૃદયપૂર્વકના સાષ્ટાંગ વંદન!

પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS:10001

ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# FLORIDA YATRA

On Saturday, July 27, most of the kids from satsung left for Florida for a Yatra with Maa. The best part of this trip was that all the kids from satsung got to know each other better and of course we spent time with Maa.

**Tefas Shah, age 13**

૨૭ જુલાઈ, ૧૯૯૧ ના રોજ સત્સંગ પછી મોટાભાગનાં બાળકોએ ફ્લોરીડાની પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથેની યાત્રા માટે વિદાય લીધી. આ સફરનું ઉત્તમ ફળ તો એ હતું કે સત્સંગમાં ભાગ લેતાં બધાં બાળકો એકબીજાને ઓળખતાં થયાં, અને સાથે સાથે પૂ. મા સાથે સહુને રહેવાનું પ્રામ થયું.

**તેજસ શાહ, ઉંમર ૧૩ વર્ષ**

---

It was very fun at Disney World and Busch Gardens. I thank MAA SARVESGWARI for inviting me to Disney World. **OM MAA**

**Dev Bhakta, age 13**

ડીઝની વર્લ્ડ અને બુશ ગાર્ડનમાં અમને ખૂબ ખૂબ મઝા આવી. ખરેખર પૂ. મા શ્રી સર્વેશ્વરીનો હું ખૂબ જ આભારી છું કે મને તેઓએ આ ડીઝની વર્લ્ડ જોવા માટે આમંત્રણ આપ્યું.

**ૐ મા**

**દેવ ભક્ત, ઉંમર ૧૩ વર્ષ**

---



I felt strange about seeing all these people, but then Maa introduced me to them, I wasn't scared anymore. I didn't know when I would ever see any of my newly made friends ever again–whom I had the most fun with. Though not only did this make me feel sad. It was also leaving Maa, that made me think how important this trip was and how I would never forget the "Florida Yatra, 1991, with Maa."

**Darshna Bhakta, age 14**

પહેલાં તો બધા અજાણ્યા માણસોને જોઈને મને ઘાણું અપરિચિત લાગ્યું, પરંતુ પૂ. માએ તે બધાં સાથે મારી ઓળખાણ કરાવી દીધી. તે પછી મને તેમનો કશો સંકોચ કે ભય ના રહ્યો. હું જાણતી નથી કે મારા આ નવા બનાવેલા મિત્રોને ભવિષ્યમાં ફરી ક્યારે મળી શકીશ કે જેમની સાથે મેં અહીં ખૂબ મઝા માણી છે. એમનાથી વિખૂટાં પડતાં ખરે જ હું જેટલું દુઃખ અનુભવું છું, એટલું જ દુઃખ પૂ. માથી છૂટાં પડતાં મને થઈ રહ્યું છે. એણે મને વિચાર કરતી કરી મૂકી છે કે આ સફરનું મારા જીવનમાં કેટલું બધું મહત્ત્વ હતું અને એથી જ પૂ. મા સાથેની ૧૯૯૧ ની ફ્લોરિડાની આ યાત્રા કદી ભૂલી શકીશ નહિ.

**દર્શના ભક્ત, ઉંમર ૧૪ વર્ષ**

---

The main purpose of this trip was to be with Maa, who inspired it. Her presence was an essence like flower.

**Yashmi Mistry, age 16**

અમારી આ સફરનો મુખ્ય ઉદ્દેશ તો પૂ. માની સાથે રહેવાનો હતો. એમની પ્રેરણાથી આ ગોઠવાયું હતું. એમની હાજરી તો અમારે માટે ફૂલના અત્તર સમાન હતી.

યાશ્મી મિસ્ત્રી, ઉંમર ૧૬ વર્ષ

---

My only wish now is that our Calif-ornia trip will be successful as the Florida Yatra.

**Keyur Shah, age 12**

હવે મારી એટલી જ ઇચ્છા છે કે ભવિષ્યની અમારી કેલિફોર્નિયાની યાત્રા પણ આવી જ સફળ બનજો.

કેયૂર શાહ, ઉંમર ૧૯ વર્ષ

---

If it were't for Maa this trip would have never happened. **Neelam Mistry, age 15**

જો પૂ. મા ના હોત તો આ યાત્રા કદી પણ હાથ ધરાઇ ના હોત. નીલમ મિસ્ત્રી, ઉંમર ૧૫ વર્ષ

---

We went to Maa's room, in Florida, to do pranam. Then she gave us 'prasad' and we went outside the motel to take pictures with Maa. **Meera Lad, age 10**

ફ્લોરિડામાં પૂ. માના ઉતારામાં અમે પ્રણામ કરવા ગયાં તો પૂ. માએ અમોને પ્રસાદ આપ્યો એટલું જ નહિ પૂ. મા અમારી સાથે ફોટા પડાવવા મોટેલમાંથી બહાર આવ્યાં!

મીરા લાડ, ઉંમર ૧૦ વર્ષ

---

I really enjoyed this trip and hope we



could do it every year. It had it's ups and downs, but it was fun! **Pintoo Shah, age 17**

આ સફરથી મને ખરેખર ખૂબ મઝા પડી અને એથી આશા રાખું કે દર વર્ષે આવી એકાદ સફર ગોઠવાતી રહે. યાત્રામાં પોતાના આનંદની અને મુશ્કેલીઓની ઘટનાઓ તો બનતી રહે, પરંતુ એની ખરેખર ખૂબ મઝા આવી.

પીન્ટુ શાહ, ઉંમર ૧૭ વર્ષ

---

In this whole Yatra, the most exciting thing was spending time with Maa Prabhu. Hari Om. **Premal Shah, age 10**

આ આખી યાત્રામાં જો સૌથી ઉત્તેજના ભરી કોઇ વાત હોય તો તે પૂ. મા પ્રભુનું સાન્નિધ્ય માણવાના સુખની હતી.

પ્રેમલ શાહ, ઉમ્મર ૧૦ વર્ષ

---

As we all know going on any Yatra with Maa is a lifetime experience. We each received a name tag, which had a picture of Maa and a small saying, "Yatra with MAA PRABHU to the walt's Disney July-August 1991." Maa came by and gave each and every kid a Universal Studios pen. When I went to get my pen, I thought about how much love Maa has for each kid. Maa gave every kod a presevt. It was a beautiful T-shirt that said: "Florida Yatra 1991 with Maa." Maa said that we will organize another Yatra to

Califorina with her in December.

**JAI SIYA RAM**

**Paresh Mistry, age 16**

આપણે બધા જ જાણીએ છીએ કે પૂ. મા સાથેની કોઇપણ યાત્રા એટલે જીવનભરનું સંભારણું. અમને દરેકને પૂ. મા તરફથી એક તકતી મળી કે જેના ઉપર પૂ. માનું સ્વરૂપ દોરેલું હતું અને નાના અક્ષરોમાં લખ્યું હતું. "૧૯૯૧ ના જુલાઇ–ઓગસ્ટમાં પૂ. મા પ્રભુ સાથેની વોલ્ટ ડીઝનીની યાત્રા." પૂ. માએ પાસે આવીને દરેકે દરેક બાળકને યુનિવરસલ સ્ટુડીઓની પેન આપી. મારો વારો આવતાં પૂ. મા પાસે હું પેન લેવા ગયો ત્યારે મને વિચાર આવ્યો કે પૂ. માને દરેક બાળક ઉપર કેટલો બધો પ્રેમ છે! દરેક બાળકને પૂ. માએ ભેટ આપી. એ ભેટ હતી સુંદર ટી–શર્ટ જેના ઉપર લખેલું હતું. "પૂ. મા સાથેની ફ્લોરિડા યાત્રા–૧૯૯૧" પૂ. માએ કહ્યું, આપણે ડીસેમ્બર ૯૧ માં કેલિફોર્નિયાની તેમની સાથે બીજી આવી યાત્રા યોજીશું.

જય સિયારામ

પરેશ મિસ્ત્રી, ઉંમર ૧૬ વર્ષ

---

I must have done some good deeds because out of billions of people in this world and out of thousands who believe in her, There were only a handful who were lucky enough, and blessed enough to get "Darshan" of their Guru on this ausipicious day of Guru Purima. This Yatra was every kid's dream come true. It was religious, educational, and entering. with the groce of Maa, we didn't have any difficulties throughtout our "Yatra."

**JAI KRUPALU MAA**

**Munni Shah, age 25**

ખરે જ, મેં કેટલાંક સત્કર્મો કર્યાં હશે એટલે જ તો ગુરુપૂર્ણિમા જેવાં પવિત્ર દિવસે પૂ. માનાં દર્શનનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું, કારણ કે આ દુનિયામાં એવા કરોડો લોકો છે, તેમાં જે કેટલાક હજારો પૂ. મામાં શ્રદ્ધા ધરાવે છે તેમાંના જે મૂઠીભર ભાગ્યશાળી માણસો છે. તેમાંના એક થવાનું મને સૌભાગ્ય મળ્યું. આ યાત્રા તો દરેક બાળકના સ્વપ્નને સાકાર કરતી યાત્રા હતી. ધાર્મિક, શૈક્ષણિક અને પૂ. માની કૃપાપ્રાપ્તિ કરવાનો એનો હેતુ હતો. એટલે જ તો આ આખી યાત્રામાં અમને કોઇ મુશ્કેલી ના જ પડી.

જય કૃપાળુ મા

મુન્ની શાહ, ઉંમર ૨૫ વર્ષ

---

August 15, 1990

Before our celebration started, I remember Maa giving us a surprise. The surprise was Maa gave everybody a "Yogamrut." The Yogamrut is a book for children to learn and experience the life about SHREE YOGESHWARJI. After we all looked at the books, Maa had something else to say, "If you learn and practice the Yogamrut, we shall go to Florida when I return from India. Maa's plane was suppose to arrive at 8:30. We were late for the airport, we arrived at 8:45, 15 minutes

late. But then we found out that the plane was an hour late. prabhu knew we were in trouble and helped us out one more time.

**Hari Om**

**Yogesh Lad, age 15**

અમારી ઉજવણીનો પ્રારંભ થયો તે પહેલાં પૂ. માએ અમને કંઈક વિસ્મયમાં નાંખી દીધાનું યાદ છે. આ આશ્ચર્ય બીજું કંઈ નહિ પરંતુ 'યોગામૃતની' ભેટ હતી. આ યોગામૃતના પુસ્તકમાંથી મહાત્મા શ્રી યોગેશ્વરજીના જીવન અને આધ્યાત્મિક અનુભવોની વાતો બાળકો શીખી શકે એમ છે. પછી અમે આ પુસ્તક જોયું આ ઉપરાંત પૂ. માએ કહ્યું, "જો તમો આ યોગામૃત શીખશો અને તેનો અભ્યાસ કરશો તો અમો તમને ભારતથી આવ્યા બાદ ફ્લોરિડા લઈ જઈશું.

પૂ. માનું વિમાન સવારે ૮–૩૦ કલાકે આવવાનું નિરધારિત હતું. પરંતુ અમે વિમાનઘરે પહોંચવામાં ૧૫ મિનિટ થોડા મોડા પડયા હતા. પરંતુ ત્યાં પહોંચ્યા પછી ખબર પડી કે પૂ. માનું વિમાન એક કલાક મોડું છે. પ્રભુને લાગ્યું કે અમે મુશ્કેલીમાં છીએ, એટલે તેઓએ ફરી એકવાર અમને મદદ કરી.

**હરિઃ ૐ**

**યોગેશ લાડ, ઉંમર ૧૫ વર્ષ**

---

All of the children of Yogeshwar Dhyan Kendra had so much faith in Maa, that even though Maa's health was not at top-level, she still ful-filled her promise. **Hari Om**

**Viral Shah, age 16**



ટોરન્ટો ધ્યાન કેન્દ્રના બધાં જ બાળકોને પૂ. મામાં એટલી બધી શ્રદ્ધા હતી કે ભલેને તેઓનું આરોગ્ય સારું ન હોય, પરંતુ પૂ. મા તેઓનું વચન જરૂર પાળશે જ. **હરિઃ ૐ**

**વિરલ શાહ, ઉંમર ૧૬ વર્ષ**

---

We picked up Maa at the airport. On our way back from the airport, we sang dhoons and bhajans. We got to the motel and met Maa in her room. We listened to what Maa said. **JAI SIYA RAM**

**Kalpesh Mistry, age 11**

અમે પૂ. માને વિમાનઘરેથી સાથે લીધાં રસ્તામાં પાછા ફરતાં અમે ભજન અને ધૂન ગાયાં. પછી અમે મોટેલ ઉપર આવીને પૂ. માને તેઓના ઓરડામાં મળ્યા. અને પૂ. માએ જે કહ્યું તે ધ્યાનથી સાંભળ્યું. **જય સિયા રામ**

**કલ્પેશ મિસ્ત્રી, ઉંમર ૧૧ વર્ષ**

---

As soon as Maa came on the bus, I had this feeling that I was safe again. When Maa was there I had this feeling as if no one else existed, besides the people around us. On our way to the airport, Maa walked to everyone so she could give us her blessings.

**Hetal Shah, age 13**

પૂ. માને બસ ઉપર આવેલાં જોઈને જ મને લાગણી થઈ કે હવે હું સલામત છું. તેઓ જ્યારે પાસે હોય ત્યારે ભલે બીજાઓ મારી આસપાસ હોય કે ના હોય, પરંતુ હું સલામતીની

ભાવના અનુભવું છું. વિમાનઘર ઉપર પૂ. મા દરેકે દરેક જણની પાસે ગયાં એટલું જ નહિ પરંતુ તેઓએ સહુને આશીર્વાદ આપ્યા.

હેતલ શાહ, ઉંમર ૧૩ વર્ષ

---

As a result of this trip, and due to Maa's grace, all the members who went on the trip, developed a special bond with each other. All the kids became much closer to each other then ever before. We all got to know each other personally, like best friends. This bond would not have developed if not for the Florida trip. Obviously, this was all Maa's grace. The best qualitytime was spent with Maa. **Hitesh Lad, age 20**

આ યાત્રાના પરિણામે અને પૂ. માની કૃપાથી, જેઓ એમાં જોડાયા તેઓ સૌ વચ્ચે એકબીજાને જોડતું એક ખાસ પ્રકારની (આત્મીયતાનું) બંધન સર્જાયું. બધાં જ બાળકો અગાઉ કરતાં એકબીજાની ખૂબ નીકટ આવી ગયાં. (અધ્યાત્મ માર્ગના પ્રવાસીના નાતે) આપણે એકબીજાને અંગત રીતે પણ સારા મિત્રોની જેમ સારી રીતે સમજવા જોઈએ. આવું પરસ્પરની આત્મીયતાનું બંધન ફ્લોરિડા યાત્રા વિના કદી અસ્તિત્વમાં આવ્યું ન હોત. આમ થવાનું કારણ દેખીતી રીતે પૂ. માની કૃપા હતી. પૂ. મા સાથે આ યાત્રામાં ગાળેલો સમય ખરે જ સર્વોત્તમ હતો.

હિતેશ લાડ, ઉંમર ૨૦ વર્ષ

---

When we said good-bye to Maa, it was a sad moment. Maa said our next Yatra will be in California. **Dharmesh Mistry, age 15**



પૂ. માથી છૂટા પડવાની ક્ષણ ખરે જ દુઃખદ હતી, પરંતુ પૂ. માએ આશ્વાસન આપ્યું કે હવે પછીની આપણી યાત્રા કેલિફોર્નિયાની હશે. **ધર્મેશ મિસ્ત્રી, ઉંમર ૧૩ વર્ષ**

---

This Yatra was the best trip of my life. I have been to Florida many times before, but none of them were as exciting as this one. Just being near Maa was a great feeling. She really caters to our needs. She is asways there when we need her. In the good times and always in the bad times. we can depend on Maa when ever we are in despair. Maa has taught me quite a bit of things; patience, discipline and punctuality. She has open up my heart to religion even more. I know that I can speak for everyone when saying that is a Yatra that everybody was glad to come to.

**JAI SIYA RAM**

**Nilesh Mistry, age 19**

આ યાત્રા મારા જીવનની સર્વ શ્રેષ્ઠ સફર રહી. આ અગાઉ હું ઘણી વાર ફ્લોરિડા આવ્યો છું, પરંતુ તેમાંની એકે આટલી બધી આનંદદાયક અને પ્રેરણાદાયી નથી રહી. બસ પૂ. માની પાસે હોવું એ એક જ ઉત્તમ લાગણીપ્રદ છે. તેઓ આપણી બધી જ જરૂરિયાતો પૂરી કરે છે અને જ્યારે પણ તેઓની જરૂર ઊભી થાય ત્યારે બંને સારા માઠા પ્રસંગોમાં તેઓ હાજર જ હોય છે. જીવનમાં જ્યારે પણ શોકની ક્ષણો આવે ત્યારે આપણે પૂ. મા પર ભરોસો કરી શકીએ છીએ. પૂ. માએ મને ધીરજ, શિસ્ત અને

નિયમિતતાના પાઠોનું શિક્ષણ પણ આપ્યું છે. એ બધાં કરતાં વધારે તો તેઓએ મારા હૃદયને ધર્માભિમુખ કર્યું તે છે. હું બધાંની વતી ખાત્રીપૂર્વક કહી શકું આ યાત્રામાં જોડાવા બદલ સહુને આનંદ જ થયો છે.

જય સિયારામ

**નીલેશ મિસ્ત્રી, ઉંમર ૧૯ વર્ષ**

---

During the summer of 1990, Sarveshwari Maa promised the children of Toronto Dhyan Kendra a trip to Florida. On Saturday, July 27, 1991, Maa's promise was fulfilled.

We arrived in Florida on the morning of Sunday, July 28. We checked into our motel and rested for the day. the next day, we went to Busch Gardens. Everyone had a great time. Even the heat did not discourage our enthusiam. In the evening, we all went to the airpout to receive Maa. No matter how tired everyone was, as soon as we saw Maa, the fatigue in us disap peared. The children had been waiting a whole year for this day... to see their beloved Maa. And Maa did not disappoint us. She received us with such individual love and attention that one cannot possibly describe it in words.

I think the best time we had was spent with Maa. Unfortunately, due to Maa's poor health and our hectic schedule of touring, we were not able to spend as much time with



Maa as we would have liked to. Even though Maa was not with us all day, she made sure that the adults were taking good care of us and that we were all having a good time. Everyday in the morning, Maa would give 'prasad.' From waterbottles to pens, chips, candies, fruits, nuts, travel pockets to T–shirt, Maa knew how to plesse us.

The whole week was spent going to many different places such as Universal Studios, Magic Kingdom, Epcot Center, MGM Studios, and last but not least, shopping.

It was a great experience seeing all these places. I think what comes most to mind is how a great time I had with all the Dhyan Kendra Kids. This was the first time all the kids actually got to know each other. When I reflect back on our trip, I noticed that each person developed a special bond with one another... a bond that was never there before. All of us have such different personalities, yet we became so close. I can remember just last year during Satsung we would exchange only greetings and that was all. Now we not only exchange greetings, but also bhajans and sercets.

I think this trip and friendship would have not come about without Maa's grace. This

Florida Yatra–a pilgrimage. The purpose of a pilgremage is to come closer to God. Sarveshwari Maa, in her own beautiful and unknown way has shown us that in order to come closer to God, we must learn to live in harmony with one another. It reminds me of what SHIRDI SAI BABA once said to a devotee: I give people what they want so that some day they will come to want what I want to give them–and that is–the way to God.

**Hema Lad, age 21**

સને ૧૯૯૦ ના ઉનાળામાં ટોરેન્ટો ધ્યાન કેન્દ્રનાં બધાં બાળકોને મા શ્રી સર્વેશ્વરીએ વચન આપેલું કે અમે તમો સહુને ફ્લોરિડા લઇ જઇશું, અને તેઓએ તેમનું એ વચન ૨૭ જુલાઇ, ૧૯૯૧ ના રોજ પાળી બતાવ્યું.

અમે જુલાઇની ૨૬ મી ને રવિવારે સવારે ફ્લોરિડા આવી પહોંચ્યાં. અમે અમારા મોટેલાના ઓરડાઓની ખાત્રી કરી લીધી અને આખો દિવસ આરામ કર્યો. બીજા દિવસે અમે બુશ ગાર્ડન ગયા. દરેક માટે આ આનંદ ને ઉત્સાહનો સમય હતો. એટલે તો વાતાવરણની ગરમી પણ અમારા ઉત્સાહને મંદ ન કરી શકી. ગમે તેટલા થાકેલા છતાં સાંજે અમે સહુ પૂ. માને લેવા એરપોર્ટ ગયો. અરે! પૂ. માને જોતાં જ અમારો સારો થાક અદૃશ્ય થઇ ગયા. છોકરાંઓ તો પૂ. માને આ દિને મળવાની પ્રતીક્ષા છેલ્લા એક વર્ષથી આતુરતાપૂર્વક કરી રહ્યાં હતાં. તો મા પણ એમને થોડાં નિરાશ કરે? અરે, પૂ. મા દરેકને જે વ્યક્તિગત અને પ્રેમપૂર્વક મળ્યાં તેનું વર્ણન તો શી રીતે થઇ શકે?



હું વિચારું છું કે પૂ. મા સાથે ગાળેલો સમય જ સર્વશ્રેષ્ઠ હતો. જોકે પૂ. માની કંઇક થોડી નરમ તબીયતને લીધે અને કંઇક અમારા પ્રવાસોના ભરચક કાર્યક્રમને લીધે અમે પૂ. મા સાથે જોઇએ તેટલો ભરપેટ સમય ગાળી ન શક્યા. ભલેને પૂ. મા આખો દિવસ અમારી સાથે ન હોય તો પણ અમારી સંભાળ મોટાઓ બરાબર રાખે છે કે કેમ તેની ખાત્રી કરી લેતાં. તેમ જ અમારો સમય સારી રીતે પસાર થાય છે તે જોતાં. પૂ. મા રોજ સવારે અમોને પ્રસાદ આપતાં. તેઓના આ પ્રસાદમાં–વોટરબોટલ, પીન, ચોકલેટ, લીલાં ફળો સૂકો મેવો, પ્રવાસ માટેનાં પાકીટથી માંડી ટી–શર્ટ સુધીની ભિન્ન ભિન્ન વસ્તુઓનો સમાવેશ થતો. બાળકોને શું ગમશે તે પૂ. મા બરાબર જાણે છે.

આખું અઠવાડિયું વિવિધ સ્થળોની મુલાકાત લેવામાં ગયું; જેમાં યુનિવર્સલ સ્ટુડીઓ, જાદુઇ સામ્રાજ્ય, એપકોટ કેન્દ્ર, મેટ્રો ગોલ્ડવીન સ્ટુડીઓ અને છેલ્લે ખરીદીનો સમારંભ થતો.

આ બધાં સ્થાનો જોવાં એ એક મોટો લહાવો હતો. પરંતુ મારા મનમાં જે સૌથી વધારે વાત આવતી તે ધ્યાન કેન્દ્રનાં બધાં બાળકો સાથે ગાળેલો સમય મારે માટે કેટલો મહાન હતો! આ પહેલો જ પ્રસંગ હતો જ્યારે આ બધાં બાળકો એકબીજાને ખરેખર જાણી શક્યાં. આ સફર અંગે પાછળથી ચિંતન કરતાં મને લાગ્યું કે અમારામાંના દરેકે પરસ્પર એકબીજા સાથે એક વિશેષ પ્રકારના (આત્મીયતાના) બંધનને વિકસાવ્યું હતું– જે પહેલાં કદી અસ્તિત્વમાં ન હતું. અમારા બધાંની પ્રકૃતિઓ ભિન્ન ભિન્ન હોવા છતાં અમે આટલા બધા એકબીજાની નીકટ આવી શક્યા. અરે, ગયા વર્ષે જ અમે જ્યારે સત્સંગમાં મળેલા ત્યારે અમે

એકબીજા સાથે માત્ર ઔપચારિક અભિનંદનની આપલે કરેલા તે હું યાદ કરી શકું. પરંતુ અત્યારે અમે માત્ર અભિનંદનની આપલે જ નહિ કિન્તુ ભજનો અને અંગત ખાનગી વાતો પણ કરતા.

મને લાગે છે કે પૂ. માની કૃપા સિવાય આ પ્રવાસ કે મૈત્રી કદી સંભવી શક્યાં ન હોત. મારી ફ્લોરિડાની મુલાકાત એ એક ધાર્મિક યાત્રા જ હતી, કારણ કે યાત્રાનો હેતુ તો પ્રભુની વધારે નજીક આવવું તે છે. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તેઓની આગવી સુંદર રહસ્યમય ઢબે અમોને બતાવ્યું કે પ્રભુની વધુ નજીક જવા માટે, અમારે પરસ્પરની સાથે સંવાદિતરીતે જીવતાં શીખવું જોઇએ. આ જોઇ મને શિરડીના સાઇબાબાએ એક વખતે એક ભક્તને કહેલાં વચનો યાદ આવે છે "હું લોકોને જે જોઇએ તે આપું છું જેથી તેઓ કોઇક દિવસ મારી પાસે આવશે અને મારે જે જોઇએ છે તે આપવા આવશે." પ્રભુ પાસે પહોંચવાનો આજ માર્ગ છે.

હેમા લાડ, ઉંમર ૨૧

---

Yatra with Maa was very enjoyable and nice. I pray to Maa that I get another opportunity to go on a Yatra with her.

**Hari Om**

**Ketna Bhavsar, age 21**

પૂ. મા સાથેની યાત્રા ખૂબ આનંદદાયક અને મઝાની રહી. તેથી હું તેઓને પ્રાર્થના કરું છું કે ભવિષ્યમાં તેઓની સાથે યાત્રાએ જવાની મને તક મળે.

હરિ: ૐ

કેતના ભાવસાર, ઉંમર ૨૧

---

My trip to Florida with Maa was the best.



Every morning, I went to Maa's room and prayed and did pranam.

**Bhavesh Patel, age 18**

પૂ. મા સાથેની મારી ફ્લોરિડાની યાત્રા ઉત્તમ રહી. દરરોજ સવારે હું પૂ. માના ઉતારે જતો અને પ્રાર્થના તથા પ્રણામ કરતો.

ભાવેશ પટેલ, ઉંમર ૧૮

---

JAI YOGESHWAR, JAI SARVESHWARI MAA

My name is Nita. We went to Florida with Maa and had lots of fun. Maa looked after me. Every morning Maa gave us prasad and a present after we did 11 pranams. I had lots of fun singing bhajans and dhoons on the bus with Maa.

**Nita Mistry, age 7**

જય યોગેશ્વર, જય સર્વેશ્વરી મા

મારું નામ નીતા છે. અમે પૂ. મા સાથે ફ્લોરિડા ગયાં અને ખૂબ મઝા કરી. પૂ. મા મારું ખૂબ ધ્યાન રાખતાં. દરરોજ સવારે અમે ૧૧ પ્રણામ કરતાં પછી પૂ. મા અમને પ્રસાદ અને ભેટ આપતાં પૂ. મા સાથે બસમાં ભજન અને ધૂન ગાવાની મને ઘણી બધી મઝા પડેલી.

નીતા મિસ્ત્રી, ઉંમર ૭

---

I thought it was fun in Florida. We had satsung with Maa everday in her room. Maa gave us waterbottles, Universal Studios pen, lots of candies, notebook, telephone diaries, and pins with Maa written on it. I had lots of

fun with Maa and the kids.

**Prerna Patel, age 7**

મેં ધારેલું કે ફ્લોરિડામાં તો મઝા જ કરવાની પરંતુ પૂ. માના નિવાસમાં દરરોજ સત્સંગ થતો પૂ. મા અમોને વોટરબોટલ, યુનિવર્સલ સ્ટુડીઓની પેન, ઘણી બધી પીપરમીટો, નોટબુક, ટેલિફોન ડાયરી પીન્સ વગેરે આપતાં. આ દરેક ઉપર મા લખેલું હતું. પૂ. મા અને બીજાં બાળકો સાથે મને ખૂબ મઝા પડી.

પ્રેરણા પટેલ, ઉંમર ૭

---

Maa loves her childrern very much, because Maa had promised to take them to Florida over a year ago. Over the summer of 1991, Maa ful filled her promise. As a result of this Yatra, the kids have gotten closer to each other, but most importantly they got closer to Maa–Prabhu.

**Hari Om**

**Bharvi Patel, age 15**

પૂ. મા પોતાના બાળકોને ખૂબ ચાહે છે, કારણ કે તેઓએ તેમને ફ્લોરિડા લઇ જવાનું વર્ષ પહેલાં વચન આપેલું. ૧૯૯૧ ના ઉનાળામાં તેઓએ તેઓનું આ વચન પાળી બતાવ્યું. આ યાત્રાના પરિણામે બાળકો, એકબીજાની ખૂબ નજીક આવી ગયાં. પરંતુ મહત્ત્વનું એ હતું કે તેઓ મા–પ્રભુની ખૂબ નજીક આવ્યાં.

ભારવી પટેલ, ઉંમર ૧૫ વર્ષ

---

The purpose of this trip, Florida Yatra, was so that the kids would get closer to Maa.



They did get closer to Maa.

**Manisha Pate, age 12**

ફ્લોરિડા યાત્રાનો મુખ્ય હેતુ તો બાળકો પૂ. માના સાન્નિધ્યમાં વધુ ને વધુ આવે તે હતો. ખરે જ, બાળકો પૂ. માની ખૂબ નજીક આવ્યાં.

મનીષા પટેલ, ઉંમર ૧૨ વર્ષ

---

## SIMILARITIES AND DIFFERENCES BETWEEN MAA AND MOTHER

On the topic of differences and similarities between Maa and mother you can't really categorize the two because they are both caring, compassionate, lovable and understanding beings.

I used to go to the mandir when I was little. You go there and see a deity of God. You pray to the deity of the Lord and go home. But since I have been going to Satsungs, and being alive in front of you and being alive in front of you and makes you proud that she is a part of you.

I think that going to Satsung and knowing Maa is my first step to becoming one with God and I'm very thankful to Maa for that.

**Hari Om**

**Reena Parikh, age 16**

પ. પૂ. મા અને પોતાની માતા વચ્ચેનું સામ્ય અને ભિન્નતાઓ અંગેના વિષયમાં બંને વચ્ચે સ્પષ્ટપણે ભેદ રેખા

પાડી ન શકાય કારણ કે બંને સેવાપરાયણ સમભાવી, પ્રેમાળ અને સમજવાળાં વ્યક્તિઓ છે.

હું નાની હતી ત્યારે ભગવાનના મંદિરે જતી. મંદિરમાં જઇને તમે કોઇ દેવતાનાં દર્શન કરી, પ્રભુને પ્રાર્થના કરી ઘરે પાછાં ફરો છો. પરંતુ હું જ્યારથી સત્સંગમાં જતી થઇ છું અને પૂ. મા તમારી સામે જીવંત બેઠેલાં છે અને તેનાથી તમને ગર્વ થાય છે એટલું નહિ પરંતુ તેઓ તમારા અસ્તિત્વનો એક ભાગ બનેલાં છે.

આથી સત્સંગમાં જવાનું અને પૂ. માને ઓળખવાનું, ઈશ્વર સાથે એક થવાની દિશામાં પહેલું પગથિયું છે એમ હું માનું છું અને તે માટે હું માની ખૂબ આભારી છું. હરિઃ ૐ

રીના પરીખ, ઉંમર ૧૬ વર્ષ

---

"... after Maa came my whole routine changed. After Maa came I always do 'seva' in the morning and do prathna before eating and sleeping. This shows how important Maa is to me and everyone else." **Hari Om**

**Premal Shah, age 10**

મારા જીવનમાં પૂ. માના પ્રવેશ સાથે મારું રોજીંદુ જીવન સંપૂર્ણપણે બદલાઇ ગયું છે. પૂ. માના આગમન પછી રોજ સવારે હું સેવા (પૂજા) કરું છું અને જમતાં અને સૂતાં પહેલાં પ્રાર્થના કરું છું. આથી જોઇ શકશો કે મારા અને બીજાઓ માટે પૂ. મા કેટલાં બધાં મહત્ત્વનાં છે! હરિઃ ૐ

પ્રેમલ શાહ, ઉંમર ૧૦ વર્ષ

---



"Maa has done lots of things for us. Now we should do something for her. Maa cares for us, so we should do something for her..."

**Aniket Shah, age 7**

પૂ. માએ અમારા માટે ઘણું બધું કર્યું છે હવે અમારે પૂ. મા માટે કંઇ કરવું જોઇએ. પૂ. માને ગમે તેવું કંઇ કરવું જોઇએ.

અનિકેત શાહ, ઉંમર ૭ વર્ષ

---

"... Maa makes my wishes come true. One day I had dream that Maa was Singing a song and the swaroop of MAHATMAJI was growing. It grew really big. Then Maa left. It was Only me and MAHATMAJI. Then all the Gods came in. All the Gods I wanted to meet. It really made me happy." **Om Maa**

**Jigna Talati, age 12**

પૂ. મા મારી ભાવનાઓ પૂરી કરે છે. મને એક દિવસ સ્વપ્ન આવ્યું કે પૂ. મા ભજન ગાઇ રહ્યાં છે અને તે સાથે પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનું સ્વરૂપ (જે પૂ. મા જ્યાં જાય ત્યાં સાથે જ સાખે છે તે) વધતું ચાલ્યું. એમ વધીને તે ખૂબ મોટું થઇ ગયું. પછી પૂ. મા જતાં રહ્યાં અને હું તથા પૂ. મહાત્માજી બે એકલા રહ્યા. તે પછી બધા દેવો અંદર આવ્યા. જે બધા દેવોને હું મળવા માગતી, તે તેઓ હતા. તે જોઇ મને ખૂબ આનંદ થયો.

ૐ મા

જીજ્ઞા તલાટી, ઉંમર ૧૨ વર્ષ

---

I think of my mother and Maa are nearly alike. They both care about others. They both want us to have fun, but in a safe way.

**Hari Om**

**Chirag Parikh, age 10**

મારી મા અને પૂ. મા બંને લગભગ સરખાં છે. તેઓ બંને હંમેશાં બીજાની ચિન્તા કરે છે તેઓ બંને ઇચ્છે કે અમે મઝા અને આનંદ કરીએ, પરંતુ તે નિર્દોષ અને સલામત હોવો જોઇએ.

**ચિરાગ પરીખ, ઉંમર ૧૦ વર્ષ**

---

My mom and Maa are I think the same. My mom cares for me everyday. Maa cares, but she is not there physically however she is there spiritually. I think about Maa everyday. whatever I do, Whatever I think about she is always in my mind. Whatever I do I think Maa is watching us. So if I am going to do something bad I have second thoughts about it, because Maa is watching me. I will never ever leave her out of my thoughts.

**Tejas Shah, age 13**

મારી મમ્મી અને પૂ. મા મને સરખાં લાગે છે. મારી મમ્મી રોજરોજ મારી સંભાળ રાખે છે, પૂ. મા પણ, પરંતુ તેઓ શારીરિક રીતે ત્યાં હાજર હોતાં નથી. આમ છતાં તેઓ સૂક્ષ્મ રીતે ત્યાં હોય છે જ. પૂ. માને હું રોજ યાદ કરું છું. પછી ભલે હું ગમે તે કરતો હોઉં, ગમે તે વિચારતો હોઉં, માનું સ્મરણ મારા મનમાં



હોય જ છે. કંઇ પણ કરતાં મને લાગે છે કે પૂ. મા અમને જોયાં કરે છે. એથી હું કંઇ ખોટું કરવા જતો હોઉં તો મને તુરત જ બીજો વિચાર આવે છે કે અરે, મા મને જુએ છે. આમ હું કદી પણ પૂ. માને મારા વિચારોમાંથી અળગાં નહિ કરી શકું.

**તેજસ શાહ, ઉંમર ૧૩ વર્ષ**

---

"... I love Maa and she and YOGESHWAR PRABHU are always going to be in my heart and nothing is going to stop that."

**Hari Om**

**Rakhi Pathak, age 10**

પૂ. માને હું ખૂબ પ્રેમ કરું છું અને શ્રી યોગેશ્વર પ્રભુ અને તેઓ બંને સદાય મારા હૃદયમાં રહેવાનાં. કોઇ પણ તેમને મારા હૃદયમાં નિવાસ કરતાં અટકાવી નહિ શકે. હરિઃ ૐ

**રાખી પાઠક, ઉંમર ૧૦ વર્ષ**

---

Both parties in question are dlike two different fruits of life. They both provide nourshment yet for two different parts of the body. Maa provides the spiritual support and knowledge towards God and life giving energy that makes each and every day worth living.

Very rarely in life is one blessed as we are and as we are being spoiled with the attention from Maa, we must always remember that with this attention comes great responsibility. We must always be the very

best that we can be because we are always a reflection of what our mothers teach us.

**Rohit Prajapati, age 21**

બંને વ્યક્તિઓ (પૂ. મા અને મમ્મી) જીવન વૃક્ષનાં બે ભિન્ન ફળો જેવાં છે, છતાં તેઓ બંને, શરીરના જુદા જુદા ભાગોને પોષણ આપવાનું કામ કરે છે. પૂ. મા આધ્યાત્મિક પોષણ આપવાનું કામ કરે છે અને ઈશ્વર વિષેની સમજ તથા જીવવા માટેની શક્તિ પૂરી પાડે છે, જેનાથી આ જીંદગીનો હર દિવસ જીવવાયોગ્ય બને છે.

આપણા જેવું સદ્ભાગ્ય જીવનમાં બહુ જ અલ્પ સંખ્યાના માણસોને પ્રાપ્ત થયું છે, પરંતુ પૂ. માથી આપણું ધ્યાન વિચલિત થવાથી, આપણે બગડીએ છીએ. હંમેશાં યાદ રાખવું જોઈએ કે પૂ. મા પ્રત્યેના ધ્યાન સાથે આપણે માથે ઘણી મોટી જવાબદારી પણ આવે છે. આપણે એવું કરવું જોઈએ કે જેનાથી આપણે સર્વ શ્રેષ્ઠ બની શકીએ, કારણ કે આપણને જે શિક્ષણ આપણી બંને માતાઓ આપે છે તેના પ્રતિબિંબ જેવા જ આપણે હંમેશાં હોઈએ છીએ.

**રોહિત પ્રજાપતિ, ઉંમર ૨૧ વર્ષ**

---

Maa and my mom have played a very important role in my life. Each had performed many different varieties of loving and caring.

Maa has changed my life from up side down to right side up. From time to time, I, think what if Maa hadn't come into my life? How would I be today? When I do think I have a real sadness of pain in my heart which



brings more questions to mind.

If we do plan another Yatra, I hope we can make it just one day for her. Just one whole day with Maa, without adults. **Hari Om**

**Yogesh Lad; age 15**

પૂ. મા અને મારી માતાએ મારા જીવનમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. દરેકે પ્રેમ અને સંભાળના ક્ષેત્રમાં ભિન્ન ભિન્ન પ્રકારની કામગીરી બજાવી છે.

પૂ. માએ મારા જીવનને છેક ઉપરથી નીચે સુધી પૂરેપૂરું બદલી નાંખ્યું છે ને તેને સાચા માર્ગે વાળ્યું છે. હું વારંવાર વિચાર કરું છું કે મારા જીવનમાં તેઓ ના આવ્યાં હોત તો મારું શું થાત? તો હું આંજે કેવો હોત? આ બાબતો વિષે હું જ્યારે વિચારું છું ત્યારે મારું હૃદય સાચા શોકની લાગણીનું દુઃખ અનુભવે છે, જેનાથી મારા મનમાં ઘણા બધા પ્રશ્નો ઊઠે છે.

આપણે જો ભવિષ્યમાં પૂ. મા સાથેની બીજી યાત્રા પ્રયોજવાની હોય તો તેમાં એક આખો દિવસ પૂ. મા સાથેનો જ રાખવો એવું કરી શકવાની હું આશા રાખું છું. જેમાં મોટેરાઓ ના હોય.

હરિઃ ૐ

**યોગેશ લાડ, ઉંમર ૧૫ વર્ષ**

---

My mother and Maa are the same to me and mean the same to me. They both have motherly qualities. Same like Maa, My mother always reminds me to do prayers and pranam daily. The daily prayers are important because it is something that should be performed on a

regular basis NOT when you need something for your benefit.

SHREE RAMKRISHNADEV once said, "Water is one object, but there are different names like aqua, pani, water, etc. The same thing applies to God because he has different names like Krishna, Buddha, Allah, and Jesus. But he is one person." I feel the same way about my mother and Maa.

**JAI RAMKRISHNA DEV**
**Jigar Talati, age 16**

મારી માતા અને પૂ. મા મારે મન એક સરખાંજ છે. બંનેમાં માતૃત્વના ગુણો છે. મારી માતા પણ પૂ. માની જેમ મને રોજ પ્રાર્થના અને પ્રણામ કરવાનું યાદ કરાવતી રહે છે. રોજની પ્રાર્થના એ અગત્યની એટલા માટે છે કે તે રોજ નિયમિત રીતે કરવી જોઈએ અને નહિ કે જ્યારે તમારે પોતાના લાભ માટે કંઈ જોઈતું હોય ત્યારે જ તે કરવામાં આવે.

પરમહંસ દેવ શ્રી રામકૃષ્ણે એકવાર કહેલું, "પાણી એક પદાર્થ છે, પરંતુ તેને અલગ અલગ નામોથી ઓળખવામાં આવે છે, જેવાં કે એકવા, પાણી, વોટર, વગેરે." એ જ રીતે ભગવાનને પણ જુદાં જુદાં નામોથી ઓળખવામાં આવે છે, જેવાં કે કૃષ્ણ, બુદ્ધ, અલ્લાહ અને જીસસ. પરંતુ ભગવાન એક જ છે. મને લાગે છે કે એ જ રીતે મારી માતા અને પૂ. મા એક જ છે.

**જય રામકૃષ્ણ દેવ**
**જીગર તલાટી, ઉંમર ૧૬ વર્ષ**

---



Maa is like a real mother to me. I think of Maa as my real true mother, which she is.

**JAI KRUPALU MAA**
**Bharvi Patel, age 15**

પૂ. મા મારે માટે મારી સગી માતા જેવાં છે. તેઓ ખરેખર મારી સગી માતા જ છે.

**જય કૃપાલુ મા**
**ભારવી પટેલ, ઉંમર ૧૫ વર્ષ**

---

When Maa came to Canada, I knew she was a Guru. Just before I go to bed I wonder if Maa is a part of my life or if Maa is a part of my life.

**Hari Om**
**Percy Pathak, age 10**

પૂ. મા જ્યારે કેનેડા આવ્યાં ત્યારે મેં તેઓને એક ગુરુ તરીકે ઓળખ્યાં. સૂવા જતાં પહેલાં મને આશ્ચર્ય એ વાતનું થાય છે કે શું પૂ. મા મારા જીવનનો એક ભાગ બની ગયાં છે! પૂ. મા મારા જીવનનું એક અંગ બની ગયાં છે?

**હરિઃ ૐ**
**પરસી પાઠક, ઉમ્મર ૧૦ વર્ષ**

---

Maa is such a devoted saint, that there is no one else like her. Maa cares for her children so much that she will put aside anything to see us. Maa will care for us, help us, and be there whenever we need her. Maa will do anything to help her children. Maa goes through alot to make us more devoted to God, and she gives us many things that

will help us in school. Maa knows she doesn't have to give us anything, but she still does. No one will ever be able to replace Maa even if they tried their whole life. Maa has given us so much love, care, and help, that I will never ever forget her in my life and after life.

**Hari Om**

**Vaishali Patel, age 12**

પૂ. મા એવા વફાદાર સંત છે કે એમના જેવાં બીજા ભાગ્યે જ જોવા મળે. પૂ. મા પોતાના બાળકોની એટલી બધી કાળજી રાખે કે તેમને મળવાનો પ્રસંગ ઊભો થતાં તેઓ પોતાનું બધું જ કામ બાજુએ હડસેલી દે. તેઓ અમારી સંભાળ અને મદદ માટે ગમે ત્યારે એમની જરૂર ઊભી થતાં દોડી આવે. આમ પોતાનાં બાળકો માટે તે બધું જ કરી છૂટશે.

અમે પ્રભુના માર્ગે વળીએ એ માટે પૂ. મા કેટલું બધું કષ્ટ ઉઠાવવા તૈયાર રહે છે! અને અમારી શાળાના ભણતરમાં ઉપયોગી થાય એવી ચીજો આપતાં જ રહે છે. તેઓ જાણે છે કે તેઓએ અમને કશું આપવાની જરૂરત નથી, છતાંય તેઓ આપતાં રહે છે. કોઇ ભલે આખી જીંદગી પ્રયત્ન કરે છતાં પૂ. માની તોલે ન જ આવી શકે. પૂ. માએ અમને એટલો બધો પ્રેમ, હૂંફ અને મદદ આપ્યાં છે કે અમે આ જીવન તો શું, પરંતુ તે પછી પણ તેઓને કદી ભૂલી શકીએ એમ નથી. હરિઃ ૐ

**વૈશાલી પટેલ, ઉંમર ૧૨ વર્ષ**

---

There is but one,
Who resides in this world,
A person who is both Holy and Wise.



There is but one,
Who resides in this world,
Who gives us Hope and E ternal Love.
There is but one,
Who resides in this world,
Who we all Adore and are Thankful for.
There is but one,
Who resides in this world,
A True Being Devine and Only;

**MAA**

**By: Reena Parikh, age 16**

આ દુનિયામાં રહેતી ફક્ત એક જ, વ્યક્તિ એવી છેઃ–
જે ખૂબ પવિત્ર અને સમજદાર છે.
જે અમને આશા અને સનાતન પ્રેમ આપતી રહે છે.
જેને અમે બધાં પૂજીએ છીએ ને
જેનાં અહેસાન મંદ છીએ.
એવાં સાચાં માનવ છતાં દિવ્ય,
એ અમારાં બસ એકલાં 'મા' જ છે.

**રીના પરીખ, ઉંમર ૧૬ વર્ષ**

---

# કેમ્પીંગ [CAMPING]

શ્રી જયંતિ પટેલ, ટોરન્ટો

પૂ. માની ઈચ્છાથી અને કૃપાથી ત્રણ દિવસનો કેમ્પીંગનો કાર્યક્રમ ટોરોન્ટોથી ઉત્તર–દિશામાં આવેલા Mans Field out Door Centreનામના રળિયામણા સ્થળે યોજવામાં આવ્યો. પૂ. માને ટોરોન્ટોનાં બાળકો "Surprise Maa"ના નામથી ઓળખે છે. ઘણા જ ટૂંકા ગાળામાં ૭૦ કરતાં વધારે ભાઈબ્હેનોનું આયોજન ફક્ત ત્રણ દિવસમાં કરવાનું એ ખરેખર આભને બાથમાં ભીડવા જેવું હતું. તેમાંય વળી નોર્થ અમેરિકામાં આ ત્રણ દિવસમાં સંપૂર્ણ સગવડતા વાળી જગ્યાનું રજીસ્ટ્રેશન અને બુકીંગ કરાવવું અશક્ય હતું. પરંતુ કેમ જાણે પૂ. માની આજ્ઞામાં બાળકોને અપાર શ્રદ્ધાભક્તિ, પૂ. મા કહે એટલે Nothing is Impossible. "યા–હોમ કરીને પડો ફતેહ છે આગે" પછી પી. કે. શાહે ગુરુવારે સવારે પૂ. માના અંગુલિ નિર્દેષ અનુસાર તપાસ કરી અને તરત જ બુકીંગ મળી ગયું. "ગુરુ કૃપા હી કેવલમ્". પૂ. માએ શુક્રવાર તા. ૩૦, ૩૧ ઓગસ્ટ અને રવિવાર સપ્ટેમ્બર–૧૯૯૧ ના ત્રણ દિવસોનું આયોજન જાહેર કર્યું તે સમયે બધાં જ બાળકોને ખુશ કરી દીધાં. ૧ વર્ષથી ૧૮ વર્ષના બાળકો માટે કેમ્પીંગ "Free of charge" રાખ્યું.

"મેન્સફીલ્ડ આઉટ ડોર સેન્ટર" ટોરોન્ટોથી નોર્થમાં લગ-ભગ ૭૦ માઈલ દૂર આવેલા મેન્સફીલ્ડ ટાઉનની નજીક એકાન્ત જગ્યા પર આવેલું હતું. સ્થળ ઘણું જ રળિયામણું અને કુદરતી



સૌંદર્યથી ભરપુર હતું. લીલાછમ ઘાસથી છવાયેલા વિશાળ ગ્રાઉન્ડની આસપાસ, ઊંચાં ઊંચાં ઘટાદાર વૃક્ષો, મંદ મંદ પવનની લહેરીઓ સાથે હાલમડોલ થઈને જાણે કે ટોરોન્ટો ધ્યાનકેન્દ્રના બાળકોનું શુક્રવારની સાંજે સ્વાગત ન કરતાં હોય? તેવો ભાસ થતો હતો. ગ્રાઉન્ડની શરૂઆતમાં સુંદર મઝાની મોટી લાકડાની કેબીન્સ હતી. કેબીનની અંદર સુંદર મઝાનો હોલ જાણે પૂ. માના સત્સંગ માટે બનાવ્યો હોય તેમ લાગતું હતું. બાજુમાં જ સુંદર મઝાનું રસોડું અને સ્ટેન્ડીંગ સાવરની પણ જરૂરીયાતથી ભરપુર વ્યવસ્થા હતી. ગ્રાઉન્ડના અંદરના ભાગમાં નાની–નાની વુડન કેબીન્સ "બંક બેડ" સાથે સગવડતાથી ભરપુર હતી. આ જગ્યાની આજુબાજુ નાની મોટી ટેકરીઓ, એકાદ બે પાણીનાં ઝરણાં અને નાનાં નાનાં પાઈન્સ ટ્રી કુદરતી સૌંદર્યમાં અનેક ઘણો વધારો કરતાં હતાં. આમ જોવા જઈએ તો આ સ્થળ ટોરોન્ટો ધ્યાનકેન્દ્રનાં બાળકોથી અનેક ઘણું શોભાયમાન થઈને તળેટીમાં વસેલા એક નાનકડા ગામડાની યાદ અપાવતું હતું. કુદરતના ખોળે આવેલું આ અતિ રમણીય સ્થળ, શાંત વાતાવરણ અને આલ્હાદક હવામાન સર્જનહારની શિલ્પકળાનાં દર્શન કરાવતું હતું.

ટોરોન્ટો ધ્યાનકેન્દ્રનાં બાળકો મેન્સફીલ્ડના ખુલ્લા મેદાનમાં મુક્ત રીતે પોતાની મસ્ત અદાથી ખેલકૂદ, નાચકૂદ કરવા લાગ્યાં અને મોટેરાઓ ગ્રાઉન્ડની આસપાસ વિહાર કરવા માટે નીકળી પડયાં હતાં. સાંજનું ભોજન ઈત્યાદિ ક્રિયા પતાવ્યા બાદ પૂ. માની ટેલિફોન પરની આજ્ઞા પ્રમાણે ગરબાની રમઝટ મચી ગઈ હતી. કેટલાંક યુનિવર્સીટીમાં ભણતાં બાળકો તો આખી રાત જાગ્યાં

અને પોતાના વિચારોની આપલે કરી. શનિવારની વહેલી સવારે નાહી–ધોઈને પૂ. માના સ્વાગતની તૈયારીઓ કરવા માંડી. ગીતાબેન લાડે પૂ. માને બેસવામાં કોઈ પણ જાતની તકલીફ ના પડે તેવી સુંદર મઝાની બેઠક તૈયાર કરી. ત્યાર પછી સૌ આ હોલમાં બેસીને પ્રાર્થના અને બાવની બોલવા લાગ્યાં. બધાનો એકી સાથે નીકળતો સુરીલો સુમધુર અવાજ આ એકાંત વાતાવરણમાં તેનું આગવું પ્રભુત્વ જમાવવા લાગ્યો. સવારના સાત વાગ્યા પછી દરેક જણ પૂ. માના આગમનની રાહ જોવા લાગ્યાં.

પૂ. મા વહેલી સવારના ૫–૩૦ વાગ્યે નીકળીને આ જગ્યામાં બરાબર સાડા સાત વાગે હાજર થયાં. સૂર્યનાં પ્રથમ કિરણો પૂ. માના તેજસ્વી મુખમંડળ પર પ્રકાશિત થઈને પૂ. માના આગમનને આવકારીને આ સ્થળની શોભાનું મહત્ત્વ વધારતાં હોય તેમ લાગ્યું. પૂ. માએ બાળકોને જણાવેલું કે અમે સવારના સાડા સાત વાગે તમારી પાસે આવી જઈશું અને ખરેખર પૂ. મા તે પ્રમાણે આવી ગયાં! બાળકોએ પૂ. માનું વંદન અને પ્રણામથી સ્વાગત કર્યું. પૂ. મા બેઠક પર બીરાજમાન થયાં અને ખરેખર પ્રસન્નતા અનુભવવા લાગ્યાં, જાણે કે બેઠકની મુલાયમતામાં ગીતાબેનના ભાવો અને હૃદયના ઉમળકાનો ભાસ થવા લાગ્યો. પૂ. માએ શનિવારના દિવસે યોગેશ્વર પ્રભુએ લખેલી હનુમાનજીની સ્તુતિ ગવડાવી, અને સત્સંગ કર્યો.

પૂ. માના આગમનથી બાળકોમાં એક નવા પ્રકારનો ઉત્સાહ અને આનંદ આવી ગયો હતો. બધા જ બાળકો પૂ. માની આસપાસ પ્રેમથી વીંટળાઈને અવનવી વાતો કરવા લાગ્યાં. બાળકો સાથે પૂ. મા આ મેન્સફીલના ગ્રાઉન્ડમાં આમતેમ ફરતાં હતાં ત્યાં



તો તેમની નજર શ્રી પ્રભુદાસભાઈ અને યુનિવર્સીટીના બાળકોએ તૈયાર કરેલા ઓરેન્જ કલરના ટેન્ટ પર પડી. ટેન્ટની અંદર ગીતાબેન-લાડની મદદથી સુંદર મઝાની પૂ. ગુરુદેવ અને પૂ. માને માટે બેઠક પણ બનાવવામાં આવી હતી. ટેન્ટનો દેખાવ એક નાનકડા મંદિર જેવો લાગતો હતો. પૂ. મા આ ટેન્ટના દૃશ્યને જોઈને અતિ પ્રસન્ન થઈ ગયાં. નાનાથી માંડીને મોટેરાંઓને પૂ. માનું સતત સાન્નિધ્ય મળે તેવું આયોજન તો ફક્ત પૂ. મા જ કરી શકે? પૂ. માની આજ્ઞાથી દિવસ દરમ્યાન જુદી જુદી રમતો અને ખેલકૂદનો કાર્યક્રમ ગોઠવાયો. ઊભી ખો, બેઈઝબોલ, ક્રિકેટ, અને મ્યુઝીકલ ચેરની રમતોને પૂ. માએ પ્રસન્ન મને નીહાળી.

પૂ. મા, બાળકો અને કુદરતી સૌંદર્ય, જોવું જ છે શું? ઘણું અદ્‌ભુત દૃશ્ય! વચમાં પૂ. મા પોતાના લાંબા લાંબા હાથ ઊંચા કરી કરીને સુરીલા હાસ્યના અવાજ સાથે દરેકે દરેકને આનંદના મહાસાગરમાં ડૂબાડી દેતાં હતાં. લન્ચના સમયે બાળકોને ખાવાનું યાદ કરાવે અને બાળકો બરાબર ખાય છે કે નહીં તેની કાળજી પણ રાખે. ખરેખરે મા આ આખા વિશ્વની મા બનીને દરેકે દરેક રીતે કાળજી રાખે. પૂ. મા પોતે નિર્જળા કરે અને બાળકોને બરાબર ખવડાવે પીવડાવે, મોજ કરાવે. પોતે ફ્રુટ્સ કે પાણીનું એક પણ ટીપું ના લે, છતાંય નાના બાળકની પેઠે ત્યાં આવેલી એક મોટી ટેકરી પર દોડતાં ચઢી જાય ત્યારે પૂ. માની દિવ્યશક્તિ અને મક્કમ મનોબળની યાદ તાજી થાય. બાળકોને પણ ટેકરી પર દોડવાની મઝા આવી.

બાળકોની વક્તૃત્વના કેળવાય અને નિખાલસતાથી પોતાના વિચારો મુક્ત રીતે રજુ કરી શકે તે હેતુથી પૂ. માએ નાના બાળકો

માટે વાર્તાલાપનો કાર્યક્રમ રાખ્યો. (૧) મને કોણ વધારે ગમે? મા કે મમ્મી અને (૨) અમારી ફ્લોરીડા યાત્રા. આ બે વિષયો પર નાના–મોટા બધા જ બાળકોએ પોતાની વિચારસરણિ દર્શાવવા પ્રયત્ન કરવાનો વિચાર પૂ. માએ પ્રદર્શિત કર્યો. એકે એક બાળક પ્રેમથી ઊભા થઈને “મને કોણ ગમે? મા કે મમ્મી, એ વિષય પર બોલ્યાં. એકાદ બે બાળકોએ ફ્લોરીડા યાત્રાના આનંદની વાતો પણ પોતાની રીતે બહુ સરસ રીતે રજુ કરી. બાળકોની વિચારસરણિ અનોખી હતી. તેમના મુખમંડળના ભાવોમાંથી પૂ. મા પ્રત્યેનો પ્રેમ અને શ્રદ્ધાભક્તિ નીતરતાં હતાં. કેટલાક બાળકોએ પૂ. મા વચનબદ્ધ કેટલાં બધાં છે તેની વાતો કરતાં જણાવ્યું કે ગયે વર્ષે તેમને ફ્લોરીડા યાત્રાનું વચન આપ્યું હતું તે તેમનું અસ્વસ્થ શરીર હતું છતાંય અમારી સાથે આવીને નીભાવ્યું. પૂ. માને કારણે જ અમે બધા બાળકો એક સાથે ફ્લોરીડા આવી શક્યાં. પૂ. મા અમારી સાથે ઘણી બધી જગ્યાએ આવ્યાં અને સાંજે અમોને પ્રણામ, પ્રાર્થના કરાવતાં ત્યારે અમોને લાગ્યું કે પૂ. મા જ્ઞાન સાથે ભક્તિરસનો મહિમા પણ પીરસતાં હતાં. પૂ. માના આગમનથી જ આજના આ આધ્યાત્મિક કેમ્પીંગની મઝા માણી રહ્યા છે. ફ્લોરીડાની યાત્રા અને કેમ્પીંગના આયોજનને કારણે જ અમે એકબીજાના વિચારોને સારી રીતે ઓળખી શક્યા અને અમારી મિત્રતા ગાઢ બની. મર્યાદામાં સામુહિક જીવન જીવતાં શિખ્યા. પાંચથી સાત વર્ષના બાળકોએ પણ કાલી કાલી ભાષામાં બોલવા પ્રયત્ન કર્યા અને જણાવ્યું કે પૂ. મા અમોને અમારી મમ્મી કરતાં વધારે ગમે છે કારણ કે પૂ. મા અમારા પર ખૂબ ખૂબ વ્હાલ કરે છે, અમોને ફ્લોરીડા લઈ જાય છે, કેમ્પીંગ કરાવે



છે અને મુઠ્ઠીભરીને કેન્ડીઓ આપે છે.

પૂ. માની વિચારસરણિ પ્રમાણએ “કુમળા છોડને જેમ વાળીએ તેમ વળે.” બાળકોમાં અત્યારથી જ પ્રભુ–ભક્તિ કે પ્રાર્થનાનો રસ જગાડીએ તો ભવિષ્યમાં એ બાળક પરોપકારી વૃક્ષની જેમ ઘટાદાર થઈને સદ્‌વિચારોથી અને પરોપકારી કાર્યોથી પોતાના માતાપિતાના નામને અને તેની પોતાની જાતને ધન્ય બનાવી શકે. અંતમાં પૂ. માએ બધાં જ બાળકોને પ્રેમથી બોલાવીને તેમના ભણવાના કામમાં આવે તેવું બાઈન્ડરર્સ અને પ્રસાદીમાં કેન્ડીઓ ભેટ તરીકે આપી.

મારી દૃષ્ટિએ પૂ. મા એક મહાન વિભુતિ છે. ઈન્દ્રિયો પર વિજય મેળવીને, વૃત્તિઓને સંયમમાં ધારણ કરીને તપ, ગુરુભક્તિ અને યોગનો માર્ગ ગ્રહણ કરીને સર્વે લોકના કલ્યાણ માટે વિચરણ કરવાની કળા સર્વશ્રેષ્ઠ છે.

આ રીતે પૂ. મા શનિવારે સવારે ૫–૩૦ વાગ્યે ટોરન્ટોથી પ્રસ્થાન કર્યું. ત્યારથી આ સ્થાનમાં એક જ તંબુમાં દિવસ આખો ને રાત પણ સત્સંગીઓ વચ્ચે પસાર કરી. જીવન જ ખુલ્લી કિતાબ જેવું. સૌએ પૂ. માનું નિકટનું સાન્નિધ્ય મેળવ્યું. ક્યાંયે પણ ક્ષણ માટે પણ સૌની આંખોથી પૂ. મા દૂર ના થયાં. એથી પૂ. માના જીવનને નજીકથી જોવાનો સમજવાનો અમૂલ્ય લ્હાવો મળ્યો. પ્રભુપરાયણ સંતોના જીવન કેવાં ખુલ્લી કિતાબ જેવાં હોય તે અહીં સૌને જોવા મળ્યું.

અમે તો સૌએ સમયસર ખાધુંપીધું, હર્યાંફર્યાં પણ પૂ. મા તંબુ છોડીને ક્યાંયે ના ગયાં. ન પાણી પીધું, કે નહીં તંબુ ક્ષણ માટે પણ બંધ થયો. સતત ૨૮ જેટલા કલાકનું અખંડ સાન્નિધ્ય

સૌને માણવા મળ્યું, જાણે કે ૨૮ જન્મોનું ભાથુ બાંધી સૌ છૂટા પડયા.

આ કેમ્પીંગની વિશેષતા એ હતી કે બાળકો જ્યારે રમતમાં હતાં ત્યારે મોટા સૌને પૂ. માએ ધ્યાનમાં બેસાડયા અને વાર્તાલાપ પ્રશ્નોત્તરીનો પણ મોટાઓને અનુરૂપ કાર્યક્રમ ગોઠવાયો. વળી નાના બાળકોને પણ દરેક રીતે દરેક ક્ષેત્રે પ્રોત્સાહન આપી સન્માર્ગે વાળવાનો પ્રયત્ન કર્યો. અને ઋષિમુનિઓની યાદ અપાવે એવો ખુલ્લો તંબુ તાણીને પૂ. માના જીવનનું અલૌકિક દર્શન સૌને કરાવ્યું.

સત્ ચિત્ આનંદ સ્વરૂપ પૂ. માને કોટિ કોટિ વંદન. પૂ. મા માટે ખરેખર જ તદ્દન સાચું જ લખાયું છેઃ—

સંયમેન્દ્રિય વૃત્તિ યા, તપસા યોગ માર્ગણા।
તનોતિ મંગલાન્ લોકે, સર્વેશ્વર્યૈ નમો નમઃ॥

એવાં પ. પૂ. માને અમારા અનેકાનેક વંદન.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.



# પૂ. માના સાન્નિધ્યમાં ફ્લોરીડા યાત્રા

પી. કે. શાહ, કેનેડા

ફ્લોરીડા યાત્રાનું મહત્ત્વ એટલું જ છે કે જેટલું ભારતના તીર્થક્ષેત્રોની યાત્રાનું છે. આમ તો ફ્લોરીડામાં કોઇ પણ દેવ-દેવીનાં મંદિરો નથી કે કોઇ પવિત્ર નદીઓ નથી વહેતી; ફ્લોરીડા એ અમેરીકાનું એક રાજ્ય છે જે કેનેડાના ટોરન્ટોથી લગભગ ૧૫૦૦ માઇલ દૂર દક્ષિણે આવેલ છે. અને ત્યાંના ઓરલેન્ડો નામના શહેરમાં ઘણી એવી વૈજ્ઞાનિક તેમ જ કૃત્રિમ પદ્ધતિથી આનંદપ્રમોદના સાધનો ઉભાં કરેલ છે, કે જેમાં ડીઝનીલેન્ડ, યુનિવર્સલ સ્ટુડીઓ, તેમ જ સુંદર મઝાના બગીચાઓ છે, જેવા કે બુશગાર્ડન સાઇપ્રસ ગાર્ડન વગેરે.

પૂ. માના સાન્નિધ્યમાં તો દરેક યાત્રા તીર્થસ્થળમાં પરિણમે છે તેમાં તો બેમત જ નથી અને એવું એક સાન્નિધ્ય પૂ. મા પ્રભુની અસીમ કૃપાથી ટોરોન્ટો ધ્યાનકેન્દ્રના બાળકોને તેમ જ ઘણા સાધક ભાઇબહેનોને ઉપલબ્ધ બન્યું. એ અમારી ફ્લોરીડા યાત્રા.

પૂ. મા ગતવર્ષે ટોરોન્ટોમાં પધાર્યા હતાં ત્યારે મને ખાસ કરીને કહ્યું કે "પી. કે. ફ્લોરીડા ટ્રીપ ગોઠવો અને બાળકોને ફ્લોરીડા બતાવીએ. પૂ. માએ બાળકોને સહજરીતે જ ફ્લોરીડાની વાત કરી, બાળકો પૂ. માની વાત સાંભળી અને 'મા'ના સાન્નિ-ધ્યમાં ફ્લોરીડા યાત્રાના વિચારથી એક વર્ષથી થનગની ઉઠયાં અને પૂ. મા પ્રભુના બીજાવર્ષે કેનેડા આવવાની એ ફ્લોરીડા

યાત્રાની રાહ જોવા લાગ્યાં.

પૂ. માની આ અસીમ કૃપા કે ભારતથી તા. ૨૭ મી જુલાઇના રોજ ફ્લોરીડા યાત્રા ગોઠવવાની સંમતિ આપી અને સાનુકુળ સંજોગોએ પૂ. મા ન્યુયોર્કની ધરતી ઉપર તા. ૨૧ મી જુલાઇએ આવી પહોંચ્યાં. બાળકોનો ઉત્સાહ અસીમ હતો.

તા. ૨૭ મી જુલાઇની સવારે સાત વાગે સહુ બાળકો ધ્યાનકેન્દ્રના ભાઇઓ, બેનો જવાવાળા તેમ જ વિદાય આપવાવાળા સર્વે સાધકભાઇઓ Fairview Mallના પાર્કીંગ એરીયામાં આવીને બસમાં સામાન ગોઠવવાની, એકબીજાને હરિ ૐ, જય શ્રીકૃષ્ણ તેમ જ પૂ. મા પ્રભુ તેમ જ સદ્‌ગુરુના જય જયકાર કરવા લાગ્યા. બાળકો રાહ જોવા લાગ્યાં કે હવે બસ ક્યારે ઉપડે... અને તે સમય નજીક આવ્યો. લગભગ ૮ થી ૮ાા ના સુમારે પૂ. સદ્‌ગુરુ તેમ જ માની બાવની સાથે બસે ફ્લોરીડા પ્રયાણ આદર્યું. રસ્તામાં ભજનો, ગીતો તેમ જ દર ચાર કલાકે, અડધા કલાકનું રોકાણ કરતાં કરતાં અમો મા પ્રભુની કૃપાથી બીજે દિવસે ૧૧ાા વાગે ઓરલેન્ડો આવી પહોંચ્યા, અગાઉથી બુક કરાવેલ મોટેલોમાં સહું ગોઠવાઇ ગયા.

હવે પૂ. માના આગમનની રાહ જોવાની હતી. પૂ. માની બાળકો તેમ જ યાત્રીઓ માટેની સંભાળ ખરેખર દિવ્ય છે. પહોંચીને અમોએ પૂ. માને ફોન કર્યો અને અમારા પહોંચી જવાના સમાચાર આપ્યા. તેઓ અમારા ફોનની જ રાહ જોતાં હતાં કે બાળકો હેમખેમ પહોંચી ગયાં હશે. પરંતુ પૂ. માના સ્વરૂપને તો અમે અમારી બસમાં સાથે જ લીધું હતું. એટલે અમને તો કોઇ ફીકર જ ન હતી; કારણ કે પૂ. માના શબ્દોમાં જ



કહું તો "પી. કે. ને થાક લાગે એટલે માને ખો આપી દે." અને એ વાક્ય મને ખરેખર યથાર્થ લાગ્યું છે. કેમકે ફ્લોરીડાની સંપૂર્ણ યાત્રા કર્યા છતાં અમને કોઇ જાતની જતાં, આવતાં કે ત્યાં કોઇપણ તકલીફ થઇ નથી. અરે! મેં અહીંથી બોક્સમાં પેક કરેલ ફર્સ્ટ એઈડના સામાનનું બોક્સ હજુ સુધી ખોલ્યું નથી.

પૂ. મા ૨૯ મી ને સોમવારે સાંજે ૯ વાગે ઓરલેન્ડોના એરપોર્ટ ઉપર આવવાનાં હતાં અને અમને સવારે બુશ ગાર્ડન જોવા બાળકોને લઇને જવાનાં હતાં; બાળકોને બુશ ગાર્ડન બતાવી અમો મોટેલ ઉપર આવ્યા અને મોટેલથી નીકળતાં જ ૮ાા થઇ ગયા! બધા જ બસમાં ગોઠવાઇ ગયા પૂ. મા ભારતથી આવ્યા બાદ પ્રથમવાર બધાંને મળવાનાં હતાં, અને તેથી પૂ. માને મળવાનો બધાંને તરવરાટ હતો. પરંતુ અમો ૯ાા સુધી પહોંચવાના ન હતા તે ચોક્કસ હતું અને તેથી મનમાં ઘણું જ દુઃખ હતું કે પૂ. માનું પ્લેન આવી જશે. એ પૂ. મા પ્રભુને એરપોર્ટ પર રોકાવું પડશે, બાળકોને પણ થોડી થોડી વારે ઉચાટ રહેતો હતો કે હજું કેટલી વાર એરપોર્ટની? પરંતુ બધાંની લાગણી મા કેટલી સાંભળે છે તે તો અમે એરપોર્ટ ઉપર પહોંચ્યા ત્યારે જ અનુભવ્યું. માનું પ્લેન આવી ગયું હતું છતાં ન હતું આવ્યું, કેમ કે પ્લેન ખરાબ હવામાનને કારણે એરપોર્ટ ઉપર જ ચક્કર લગાવવું હતું કદાચ! પૂ. માને ખબર હોય કે હજુ બાળકો મારાં આવ્યાં નથી!

અને પછી તો પૂ. માને લેવા માટે ઉપર નીચે જઇ આવ્યા હજુ 'મા' કેમ ન આવ્યાં! અને પછી તો પૂ. 'મા' આવી પહોંચ્યા એ બસમાં અમારી સર્વેની વચ્ચે મા આવ્યાં. બધાં જ બાળકો હર્ષિત થઇ ગયાં અને પૂ. મા પણ અસ્વસ્થ શરીર તેમ જ મુસાફરીના થાક છતાં ચાલુ બસમાં સર્વે બાળકોને તેમની સીટ

પાસે જઇને કેન્ડીનો પ્રસાદ આપ્યો અને અંતરથી સર્વેને શુભાશિષ અને આશિર્વાદ વરસાવ્યા. પછી તો ધૂનની રમઝટ અને તબલા મંજીરાના નાદ સાથે પૂ. માની રૂમમાં પૂ. માના સાન્નિધ્યનો એક અનેરો લ્હાવો લઇ છૂટા પડયા અને બીજા દિવસની પ્રતીક્ષા કરવા લાગ્યાં (પૂ. મા સાથે યુનિવર્સલ સ્ટુડીયો).

મંગળવારની એ વહેલી સવારે સહુ સાધક ભાઇબેનો સવારની ચા–દૂધ, કોફી લઇને પૂ. માને પ્રણામ કરવાની આતુરતાથી રાહ જોવા લાગ્યાં. પૂ. મા પ્રભુનો ખાસ કરીને બાળકોને માટે જ, તેમના અસ્વસ્થ શરીરને શ્રમ પડતો હોવા છતાં પણ અમારી સહુને વચ્ચે અમારી સહુ સાથે જ બસમાં ગોઠવાઇ ગયાં! આજે અમારી સાથે ન્યુયોર્કના શ્રી વિનોદભાઇનો પરિવાર તેમ જ શ્રી રમેશભાઇ, શારદાબેન, તેમ જ ભાનુબેન, રમણલાલ તથા ભાવેશ, કેતના, દર્શના, અનીત તેમ જ શ્રી ભરતભાઇનો પરિવાર પણ હતો જેથી સર્વેને મળીને દરેકને આનંદ થયો અને સર્વેને પૂ. માના છત્ર નીચે આ યાત્રાનો એક અમૂલ્ય લ્હાવો મળ્યો.

આમ પૂ. મા અમારી સાથે યુનિવર્સલ સ્ટુડીયો, એપ્કોટ સેન્ટર વિ. સ્થળે આવ્યાં અને બાળકો તેમ જ મોટેરાઓને એક જીવનની મહત્ત્વની યાત્રાની તૃપ્તિ કરાવી. 'મા' હોય અને ચોકલેટ ન હોય તે તો બને જ કેમ? મા હરરોજ સવારે બાળકોને કોઇ અવનવી વસ્તુ અવશ્ય ભેટ આપતાં કોઇક દિવસ પોર્ચ (કેડે લટકાવવાનું નાનું પાકીટ કે જેમાં ઘણી નાની મોટી જરૂરી વસ્તુ રહી શકે) કે વોટર બેગ (ડ્રીંક રાખવા માટે) પેન ડાયરી, (રોજનીશી લખવા માટે) ટી શર્ટ, ડ્રાયફ્રુટ, ડીશ વિ.



પૂ. માની હાજરીએ બાળકોને પૂ. માની ઘણી જ નજીક લાવી દીધાં. પૂ. મા પણ બાળકોની એટલી બધી કાળજી રાખતાં કે બાળકોએ પણ આ જગતમાતા તેમની જનેતામાતા કરતાં વહાલી માની લીધી. પૂ. મા આ આ ફ્લોરીડા યાત્રા ન ગોઠવી હોત તો આ યાત્રા શક્ય જ ન હતી કે જેમાં પ૬ જેટલાં ધ્યાનકેન્દ્રના બાળકો–મોટેરાઓનું ફ્લોરીડાનું આયોજન શક્ય ન બનત. નોર્થ અમેરીકામાં જ્યાં વિભક્ત કુટુંબ સંસાર છે કે જ્યાં સંયુક્ત જીવનની શક્યતા નહીંવત્ છે. એટલે આટલા બધા સમૂહમાં બાળકોને ટ્રીપ કરવી અને તે પણ ધર્મની જ્ઞાનગંગા–ગોષ્ઠીમાં તરબોળ "ધાર્મિકવૃત્તિથી મશગુલ બાળકોની" એ અસંભવિત અશક્ય છે. પૂ. માની ફ્લોરીડાની ટ્રીપ એ અમારા ધ્યાનકેન્દ્રના સર્વે ભાઇબેનો ઉપર અસીમકૃપાનો વરસાદ જ છે અને તે ખરેખર અનુપમ અદ્વિતીય છે, અમારા સર્વેના બાળકોના જીવનમાં, આ પશ્ચિમના જગતમાં જે અસંભવિત છે અને જે એટલું સહેલાઇથી ઉપલબ્ધ નથી એવું ધાર્મિક શિક્ષણ એક માતા પણ પોતાના બાળકને ન આપી શકે તેટલી સહેલાઇથી અને તેટલી નીકટતાથી આપી સર્વે બાળકોમાં એક અસીમ અગાધ પ્રેરણા આપી છે. અને તે ઘણી જ વંદનીય છે.

અંતમાં પૂ. મા અમો સર્વેને આવી યાત્રાઓમાં તેમની સેવામાં સહભાગી બનાવે અને સર્વે પ્રકારે અમને તેમના કાર્યમાં નિમિત્ત બનાવે તેવી પૂ. મા પ્રભુને મારી નમ્ર પ્રાર્થના છે.

વરદ હસ્ત પ્રભુ તમારો સદાયે રહેજો જીવન સહારો સાથે...

સર્વેશ્વરી માતકી જય.

## સદ્‌ભાવભરી સહાય

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી 'અધ્યાત્મ' માસિકને સાધકો પોતાનું માની, ભેટ મોકલતા રહે છે. એને લીધે જ ભલભલાં માસિકો જ્યારે કાં તો બંધ થઇ રહ્યાં છે અથવા સતત મૂલ્ય વધારો કરી રહ્યાં છે, ત્યારે અધ્યાત્મ છેલ્લાં દસ વર્ષથી સામાન્યમાં સામાન્ય માણસને પોસાય એવા નજીવા લવાજમ દરે (વાર્ષિક રૂા. ૧૫) પહોંચતું કરી શકાય છે. તેમાં અમારા પૂ. ગુરુદેવના શુભ સંકલ્પનું પરિણામ દેખાય છે. તેઓનો સંકલ્પ હતો–"સામાન્ય માણસને પોસાય એટલું જ લવાજમ રાખજો." છેલ્લે મળેલી સહાય નીચે પ્રમાણે છે:–

રૂા.

૧૫ શ્રી કસ્તુરબેન ખોડીદાસ વાઘેલા, મોરબી.

૫૧ શ્રી મનીષ હરિભાઇ ભોજાણી, મોરબી–માંદગીમાંથી સારું થતાં.

૧૫ શ્રી જેઠાલાલ ચુનીલાલ દેસાઇ, અમદાવાદ–છેલ્લી પરીક્ષામાં પાસ થતાં.

૧૦૧ શ્રી રમણિકલાલ ઠક્કર, ભાવનગર–પુત્ર અજયને ત્યાં પુત્ર જન્મ થતાં.

૧૦૧ એક સાધક બેન, ભાવનગર.

૧૧ એક સાધક બેન, ભાવનગર.

૫૦૦ શ્રીમતી ભાણીબેન મિસ્ત્રી, યુ. કે. લેસ્ટર.

૧૦૧ શ્રી કાન્તિભાઇ પરીખ, રાજકોટ–પુત્ર દર્શનના જન્મદિન નિમિત્તે.



૫૦ ડો. હિમાંશુ પાઠક, સુરત.

૧૧ કે. એમ. ભટ્ટ, મોરબી.

૧૧ શ્રી દામોદર ત્રિભુવન ગોહિલ, સ્વ. પિતાશ્રીની પુણ્ય સ્મૃતિમાં.

૩૫ રિદ્ધિ રામચંદ્ર પાઠક.

૧૦૧ શ્રી યોગકન્સ્ટ્રક્શન, વડોદરા.

૨૧ શ્રી પ્રવીણચંદ્ર પી. સોરઠિયા, સુરત.

૨૧ શ્રી મુકુન્દ નટવરલાલ સોરઠિયા, સુરત.

૨૧ શ્રી રીટાબેન મુકુન્દરાય સોરઠિયા, સુરત.

૨૬ શ્રી શાન્તાબેન નગીનદાસ, સુરત–પુત્રીનો પુત્ર પાસ થતાં.

૧૦ શ્રી ધીરજભાઇ શાહ, મુંબઇ.

૧૦૧ શ્રીઅરૂણભાઇ બાલુભાઇ ગાંધીની ચોથી પુણ્યતિથિ નિમિત્તે, હા. મૃદુલાબેન, વડોદરા.

૨૫ શ્રી ભદ્ર એ. મહેતા, કાંદીવલી.

સહુને અભિનંદન.

## ૨૭બીના ગ્રાહકો તરફથી સહાય

અધ્યાત્મ શરૂ થયું ત્યારથી ૨૭બી (યુ.કે.)ના સાધક ભાઇ-બહેનો અધ્યાત્મને એકધારી સહાય–લવાજમ સાથે વધારે રકમ મોકલીને કરતા રહ્યા છે. આ વર્ષે પણ આ બધા પંદર ગ્રાહકોએ તેમ જ શ્રી ડાહ્યાભાઇ જીવણજી મિસ્ત્રીની (રૂા. ૮૪/૮૦) સહાય મળીને રૂા. ૫૫૦૦ જેટલી મદદ કરી છે. શ્રી અંબાલાલભાઇ મિસ્ત્રી વર્ષોથી નિયમિત રીતે આ કાર્ય પોતાના અંગત કાર્ય જેટલો રસ લઇ કરતા રહે છે. તે સહુને શુભાશીષ ને અભિનંદન.

તંત્રી

# મહાભિનિષ્ક્રમણ

ગોરધનભાઇ કલોલા, (કલ્યાણ)

ભગવાન બુદ્ધના એ ઐતિહાસિક મહાભિનિષ્ક્રમણથી કોણ અજાણ્યું છે? રોગ, ઘડપણ અને મૃત્યુના પંજામાં સપડાયેલા જીવનનો કોઇ ઉદ્ધાર છે ખરો? જીવનની આ મહાસમસ્યાના ઉકેલ માટે તેઓ રાજપાટ અને કુટુંબનો ત્યાગ કરીને વનની વાટે વિચર્યાં. આકરી તપશ્ચર્યાના મંથન દ્વારા તેમણે તૃષ્ણાના ત્યાગ અને સમતાના સ્વીકારમાં જીવનશાંતિનું રસાયણ શોધી આપ્યું.

ભારતની ઉજ્જ્વળ આધ્યાત્મિક પરંપરામાં ઉત્તરોત્તર આ જીવનરસાયણમાં અનેક રંગો ઉમેરાતા ગયા. અનેક લોકોત્તર મહાપુરુષો પોતપોતાની રીતે આ દિવ્યજીવનના અર્કનું પાન કરાવતા રહ્યા છે. આજે પણ એક મહાજીવનમાં આ મહામંથન ચાલી રહ્યું છે. અંતરની આંખોને ખુલ્લી રાખીશું તો એ મહાભિનિષ્ક્રમણની મહાનતાને આજે પણ જોઇ શકીશું. 'મહાભિનિષ્ક્રમણ'ના પ્રાચીન ગૌરવને પણ ચાર ચાંદ લગાડે તેવું ભવ્યાતિભવ્ય જીવન આપણી આંખો સામેથી પસાર થઇ રહ્યું છે.

પૂ. મા સર્વેશ્વરીના આજના પ્રાકટ્યદિને એ પવિત્ર, ઉજ્જ્વળ જીવનમાંથી પ્રેરણાનું ભાથું બાંધી લઇએ. 'આ દિવ્ય પ્રભુપંથે પરહરવા તેમણે કેવું ભવ્ય મહાભિનિષ્ક્રમણ કર્યું છે તે વિષે આપણે બહુ ગંભીરતાથી વિચાર્યું નથી પણ તેથી એ ભવ્ય પ્રયાણની ભવ્યતા જરાય ઝાંખી પડી નથી.

એ મહાજીવનના ઐતિહાસિક, ઉજ્જ્વળ તવારીખ પર એક



નજર ફેરવી લઇએ. પૂ. મા એ વખતે સુરતના સાધના વિદ્યાલયમાં આચાર્યપદ શોભાવી રહ્યાં છે. તા. ૧૧–૮–૭૯ ના રોજ મોરબીમાં મહાવિનાશક પૂર હોનારત થઇ. પૂ. યોગેશ્વરજીના ઘણાં શ્રદ્ધાળુ ભક્તો મોરબીમાં રહે છે. તે સૌને આ દુઃખદસ્થિતિમાં સાંત્વના આપવા પૂ. શ્રી મોરબી પધારવા ઇચ્છતા હતા. તેમની ઇચ્છા પૂ. માને પણ સાથે લેવાની હતી. પૂ. મા મોરબી આવવા માટે સુરતથી અમદાવાદ આવ્યાં. શ્રી શાંતિભાઇ રાજકોટથી મોટર લઇને પૂ. ગુરુદેવ અને પૂ. માને લેવા માટે વહેલી સવારે અમદાવાદ મણીનગર પહોંચી પણ ગયા, પણ ત્યાં જઇને જોયું તો સંજોગો વિપરીત બની ગયા હતા.

પ્રભુ ક્યારે કેવા સંજોગો નિર્માણ કરે છે તેની શું ખબર પડે? ઘટના દુઃખદ છતાં અસાધારણ હતી. આ આકસ્મિક ઘટનાએ પૂ. માના જીવનરથને એક નિર્ણાયક ત્રિભેટે મૂકી દીધો. અસાધારણ વિકટ પરિસ્થિતિ એકાએક સર્જાઇ ગઇ! પૂ. શ્રીને હાર્ટએટેક આવવાથી તુરત જ અમદાવાદની વિવેકાનંદ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. તેથી પૂ. માને પણ સહજ સેવાર્થે હોસ્પીટલમાં રહેવાનું બન્યું.

પૂ. મા સુરતથી નીકળ્યાં ત્યારે એમને સ્વપ્નેય પણ ખ્યાલ ન હતો કે આમ અચાનક પૂ. શ્રી પાસે હોસ્પીટલમાં રહેવાનું બનશે. આ ઘટનાએ પૂ. મા સામે એક મહાપડકાર ઊભો કરી દીધો. પરંતુ આ મહાપડકારને પૂ. માએ જે રીતે ઝીલ્યો તેમાં જ આ મહાજીવનના મહાભિનિષ્ક્રિમણની ભવ્યતા છૂપાયેલી છે. જેટલો મોટો પડકારનો પહાડ, તો એથીયે મોટી પૂ. માના પ્રતિકારની સજ્જતા. એ દૃઢ નિર્ણાયક શક્તિથી એક ક્ષણમાં જ

પડકારના પહાડને ઓળંગી ગયાં. હંમેશા વિજયને વરવા ટેવાયેલા કાળને પણ પોતાનું સ્થાન બતાવી દીધું. પૂ. માએ ત્યારપછી સમય અને સંજોગો પર જે રીતે એકધારો વિજય મેળવ્યો તેની અનુપમ ગાથાને ગાવા માટે કલમને પણ સાંસાં પડે છે. એ ઘટના—ગંગોત્રીમાંથી જે ત્યાગ, સેવા અને તપની ગંગા પ્રકટી તેણે તો અનેક જીવોને પાવન કરી દીધા, ધન્ય કરી દીધા, માણી લઇએ એ સ્નાન મોજને, એ ઉજ્જ્વળ ઇતિહાસ પર એક દૃષ્ટિપાત કરી લઇએ.

એક સફેદ કપડાંની જોડ પહેરીને અને એક સાથે લઇને સુરતથી નીકળેલાં પૂ. મા પાસે સુરત જઇ ત્રીજી કપડાંની જોડ લેવા સમય રહ્યો નથી. સુરતના એ ઐતિહાસિક પ્રસ્થાન વખતે પૂ. ગુરુદેવ પ્રભુના દર્શનાર્થે ઉપાડેલાં એ શ્રી ચરણોમાં જ સૌમ્યતા હતી તે અમદાવાદ પહોંચતાં દૃઢતામાં ફેરવાઇ ગઇ. પછી તો પૂ. માએ જે દૃઢતાભર્યા પગલાં ભર્યાં છે તેની છાપ તો આધ્યાત્મિક ઇતિહાસના પાના પર અંકિત થઇ ગઇ છે. પૂ. ગુરુદેવની સેવાર્થે બધું છૂટયું તે છૂટયું. પૂ. ગુરુદેવની આયુષ્યમંજરીને પ્રેમનું સિંચન કરવા પદ, પૈસા અને પરિવાર પલકવારમાં છૂટી ગયાં! ભગવાન બુદ્ધની જેમ મહાભિનિષ્ક્રમણ વખતે યશોધરા અને રાહુલ તરફ એક છેલ્લી પ્રેમભરી દૃષ્ટિથી નિહાળવાનો સમય પૂ. મા પાસે રહ્યો નથી. અહીં તો પોતાના પ્રાણપ્યારા પ્રભુ માટે પૂ. માએ દોડ મૂકી છે, એમાં પ્રતિષ્ઠાભર્યું આચાર્યપદ, કલ્લોલતું કુટુંબ અને લાખોની સંપત્તિ ને અલવિદા કરવાની યાદ પણ આપી નથી.

ભગવાન બુદ્ધે જીવનના રહસ્યની ખોજ માટે મહાભિનિષ્ક્રમણ કર્યું, ભગવાન રામે પિતૃઆજ્ઞાના પાલન માટે



વનગમન કર્યું, પણ પૂ. માનું મહાભિનિષ્ક્રમણ નથી અમૃતપદની પ્રાપ્તિ માટે કે નથી કોઇ આજ્ઞા કે આદેશને માથે ચડાવવા માટે. કોઇ બહારના સંસારના આઘાત પ્રત્યાઘાત કે કોઇ આજ્ઞા કે ફરજ-પાલનનું પીઠબળ એ ત્યાગ પાછળ નથી. એ તો અંદરથી સ્વયં સ્ફુરિત છે. ગુરુદેવપ્રભુ પ્રત્યેના નિર્વ્યાજ પ્રેમનું પીઠબળ એ ત્યાગની તમન્ના પાછળ છે. ગુરુદેવપ્રભુના સંજોગો જોતાં અંતરમાંથી પ્રકટેલી એ પ્રેમધારાને પૂ. મા રોકી શક્યાં નથી, ત્યાં સુધી કે કોઇપણ બાહ્ય પરિસ્થિતિનો એક ક્ષણ પણ વિચાર કરવા રોકાયાં નથી. જ્યાં જેમ જે પરિસ્થિતિમાં બધું હતું તે તત્ક્ષણ છૂટી ગયું. માતાપિતા, સ્નેહીજનો કે સાધના વિદ્યાલયના ટ્રસ્ટીઓ સાથે કોઇ દલીલ, વિનંતિ કે વાદવિવાદ ને અવકાશ જ ન રહ્યો. ભર્યા-ભાદર્યા વટવૃક્ષના સંસારમાંથી જેમ એક પાકેલું પર્ણ ઘડીના છઠ્ઠાભાગમાં છૂટું પડી જાય તેમ એ સાધના વિદ્યાલયની કર્મભૂમિ, પ્રેમાળ માતાપિતા હૂંફ, આસપાસ વસતા સ્નેહીજનોનો સથવારો છૂટી ગયો. જેમ સમર્થ રામદાસ સ્વામી લગ્નમંડપમાં સાવધાન શબ્દ સાંભળતાં સાવધાન થઇ ગયા, એક પળનો પણ વિચાર કર્યા વિના દિવ્યતા તરફ દોડયા પછી પાછું વાળી જોયું નથી, તેમ પૂ. મા અહીં દોડયાં નથી પણ ઊડયાં છે. ઊડીને તે જ ક્ષણે પ્રભુની દિવ્યતામાં સમાઇ ગયાં.

આ મહાભિનિષ્ક્રમણ નથી તો બીજું શું છે? પૂ. માએ જે બધું નિર્લેપભાવે છોડયું છે તે માટે મહાભિનિષ્ક્રમણ શબ્દ પણ નાનો પડે છે. આનો અર્થ એવો નથી કે પૂ. માએ બધું છોડયું ત્યારે તેમને પ્રલોભનોનો સામનો નથી કરવો પડયો. સાધના વિદ્યાલયના ટ્રસ્ટીઓએ પૂ. માને બધી જ ઝૂટ આપી, અનુ-

કૂળતાઓ કરી આપી કે તમારે જ્યારે આવવું હોય ત્યારે વિના સંકોચે આવો, જેટલી રજાઓ જોઇએ તેટલી રજાઓ પણ ભોગવો. તમને કોઇ બંધન નથી પણ સાધના વિદ્યાલયનું આચાર્યપદ ન છોડો, માતાપિતાએ પણ વાત્સલ્યભાવે કહ્યું કે નોકરીની જરૂર હતી જ નહીં, તો તે હવે છૂટી ગઇ છે તો ચિંતા કરવાનું કોઇ કારણ નથી, આ સંપત્તિ અને વાડી વજીફા બધું તમારું જ છે, ભલે ગુરુદેવ પાસે જાઓ પણ પછી પાછા અહીં આવીને રહો. તમારે જ્યારે જવું હોય ત્યારે જવું, પરંતુ આ સંપત્તિનો સ્વીકાર કરો. સ્નેહીજનોએ પણ કહ્યું કે અમે તમારા વતી બધું કામ કરી આપીશું પરંતુ અમારા વચ્ચે પણ રહો.

સંપત્તિની છાકમછોળ, ટ્રસ્ટીઓની વિનંતીઓ, માતાપિતાનો અંતરનો પ્રેમભાવ, સ્નેહીજનોનો સદ્ભાવ આ બધું છોડીને કોને જવાનું ગમે? આ ખેંચાણ કંઇ સાધારણ નથી. પણ પૂ. ડગ્યાં નથી, ડગવાનું એમના સ્વભાવમાં નથી. ત્યાગ કર્યાને એક દશકો થઇ ગયો છે પરંતુ પૂ. માએ એ અઢળક સંપત્તિમાંથી એકાદ પૈસો કે તૃણવત વસ્તુનો પણ સ્વીકાર કર્યો નથી.

આ દિવ્યપંથના પ્રયાણ માટે, મહાભિનિષ્ક્રમણ માટે કેવા અતુલ આત્મબળ કે નિશ્ચયબળની જરૂર પડે છે તે આમ વાતો કરવાથી કે લખવાથી નહીં સમજાય! એ તો આપણે એ ત્યાગને પંથે નાનકડીય પગલી પાડીએ ત્યારે ખબર પડે. એક નજીવા ત્યાગમાં પણ મન પાછું પડે છે. અધ્યાત્મને સો રૂપિયા મોકલવાની ઈચ્છા થાય તોય મન એમ દલીલ કરે પચાસથી નહીં ચાલે? આ વખતે તો પચાસ મોકલીયે, બીજી વખતે જોયું જશે! પૂ. મા પાસે આપણે દર્શનાર્થે કે કંઇ પ્રસંગે જઇએ ત્યારે પૂ. મા



અવશ્ય કહે, એક દિવસ વધુ રોકાઇ જાઓને, તમારા વિના કંઇ સંસાર ચાલતો અટકી નહી પડે? પરંતુ આપણે વિના વિલંબે દલીલ કે બહાનું બતાવીએ કે મા, કાલે તો લગ્નમાં જવાનું છે, અને જો ન જઇએ તો ખોટું લાગે, વળી મહેમાનો આવવાના છે, તૈયારી હજુ બધી કરવાની છે. એમ બહાનાં કાઢી પાછા સંસાર તરફ દોટ મૂકીએ છીએ કે વળી પાછા છેક ગુરુપૂર્ણિમાએ પૂ. માને યાદ કરીએ ખરા! પણ આ સંસારીભાવમાંથી થોડું પણ પાછું વળી શકાતું નથી. ભલું થયું ભાંગી જંજાળ એ બધું નરસૈંયા માટે, આપણે તો તરત જ નવા ઘાટ ઘડવા મંડી જઇએ છીએ. બધું જ જાણીએ છીએ કે આ સંસારના કોઇ ગેરંટી નથી છતાં એ નકલી ચમકાટનો મોહ ક્ષણવાર પણ દૂર કરી શકતા નથી.

પૂ. માના મહાત્યાગને આપણે સંસારીઓ શું મૂલવી શકીએ? આપણા માટે આ બધું કલ્પનાતીત છે. પણ આપણને સરખા કરવા માટે, ટીપવા માટે આ મહાભિનિષ્ક્રમણનો મહાખેલ કોઇ જંગલમાં નથી ભજવ્યો પણ આપણી નજરની સામે ખેલી બતાવ્યો છે. પૂ. મા સતત આપણી નજરની સામે જ રહે છે, ક્યારેય આપણાથી દૂર ગયાં નથી. છતાં પૂ. માની પ્રસન્ન પ્રકૃતિ અને સહજ સમુજ વૃત્તિએ આપણને તેમના જીવનના મહાન પ્રસંગોની ગંભીરતાની અસર થવા દીધી નથી. બધું જાણીએ છતાં પૂ. મા તો આપણા જેવાં જ છે એમ માની બેસીએ છીએ. આ મહાભિનિષ્ક્રમણ પણ અનેક નજરોની સાક્ષીએ થયું છે, હોસ્પીટલના એ નાનાકડા ખંડમાં તપ, ત્યાગ અને સેવાની પાવક જ્વાળાઓમાં બધું જ ભસ્મીભૂત થતાં નજર સામે જ નિહાળ્યું છે, નથી ત્યાં કોઇ દિક્ષા સમારંભોનો ચમકાર કે વિદાય

સમારંભોની ખુશામત ત્યાગની તવારીખ આલેખતું કોઇ અવલંબન ત્યાં નહતું. ફક્ત હતું ત્યાં આધ્યાત્મિકતાના અર્ક સમું પ્રેમભર્યું સ્મિત!

પૂ. માના ત્યાગની ભવ્યતા તો હજુ આપણે જોવાની છે. પૂ. માએ બધું ત્યાગ્યું છે પણ કંઇપણ તિરસ્કાર્યું નથી, માતાપિતાના પરોપકાર, પ્રેરિત સંસ્કારોનો પૂ. માએ એટલો જ આદર કર્યો છે. દરરોજ પ્રભાતે માતાપિતાના શ્રી ચરણોમાં મસ્તક ઢાળવાનું ક્યારેય ચૂક્યાં નથી, ત્યાગ પછી પણ જ્યારે કપૂરા પધારતાં ત્યારે અવશ્ય માતાપિતાના પુનિત શ્રી ચરણોમાં મસ્તક નમાવતાં, અંતરથી આશીષ માગતાં.

પૂ. માના ત્યાગમાં ક્યાંય કર્મઠતા નથી. પણ એટલી જ કોમળતા અને ઋજુતા છે. આજે જ્યારે માતાપિતા નથી ત્યારે પણ પૂ. મા એટલા જ ભાવથી કપૂરા જાય છે. સૌ પ્રેમીજનો વચ્ચે જઇને એ રમણભૂમિની પૂર્વ સ્મૃતિઓ પ્રેમપૂર્વક વાગોળે છે. ફર્ક એટલો જ છે કે એ કુટુંબીજનો હવે પ્રેમીજનો બની ગયા છે. બધું એનું એજ છે, નથી માત્ર મમત્વનું બંધન! ત્યાગનો આ જાદુ છે. સૌના છે છતાં મમત્વબંધને કોઇનાં નથી, પૂર્વના એ કુટુંબીજનોને પૂ. મા આજે પણ એટલા જ ભાવથી મળે છે. સૌના આધ્યાત્મિક વિકાસમાં પણ એટલો જ રસ લે છે. આજે જ્યારે પૂ. મા સાથે આપણે કપૂરા જઇએ ત્યારે આપણને એવી કલ્પના પણ ના આવે કે પૂ. માએ આ બધું છોડયું છે. પૂ. માએ કોઇને છોડવાને બદલે સૌને પ્રેમપૂર્વક સંભાળ્યાં છે. સૌને એની ખુશી છે કે કુટુંબીજન તરીકે ભલે છોડી ગયાં હોય પણ મા સ્વરૂપે પાછાં મેળવીને અમારી ધન્યતાનો કોઇ પાર નથી, તેઓ સૌ અનુભવે



છે કે કુટુંબીજન તરીકે સરોજબેનને ગુમાવ્યાંના અફસોસ કરતાં મા સર્વેશ્વરીરૂપે પાછા મળ્યાં તેનું અધિક ગૌરવ છે, આનંદ છે, હવે તો કોઇ કુટુંબી કુટુંબીજન રહ્યા નથી. સૌ પૂ. માના સંતાન બની ગયાં છે.

જોઇ માતૃરૂપની આ મધુરતા. નથી ક્યાંય રૂક્ષતા કે કઠોરતા! ત્યાગમાં રહેલા સૌંદર્યને પ્રસ્ફુરિત કરવાની ક્ષમતા માતૃરૂપ વિના શક્ય નથી. ભગવાં વસ્ત્રો ધારણ કર્યા વિના, તેમ જ એકાંત જંગલમાં વસવાટ કર્યા વિનાનો આ સંન્યાસ વૈરાગ્યની પરાકાષ્ટરૂપ નથી લાગતો શું?

આજે માતૃપ્રાકટયના પુણ્ય પર્વે માતૃપ્રેમના મહાપ્રસાદથી તન મનને પુષ્ટ કરીએ, કંઇ પણ છોડયા વિના બધું કેવી રીતે છોડી શકાય, તેમ જ ઘર છોડયા વિના ઘરમાં કેવી રીતે રહેવાય, સંસાર છોડયા વિના સંસાર મનમાંથી કેમ છોડવો તેનો અદ્‌ભુત પાઠ અદ્‌ભુત રીતે આપણને પ્રત્યક્ષ પ્રમાણથી શીખવ્યો છે.

આજે પણ પૂ. માના પૂર્વ પરિચિત એમને મળે તો એમને એમ ન લાગે કે મા સર્વેશ્વરીએ કંઇ છોડયું છે. એવાં ને એવાં જ લાગે. પૂર્વે હતાં તેવાં જ, એ જ પોષાક, એ જ અલંકાર, એ જ સીધી સાદી વાળ ઓળવાની રીત, ત્યાં સુધી કે ચપલ કે સ્લીપર પણ એવાં જ છે. એ ચપલની ચાખડી થઇ નથી. ભેખ ધારણ કર્યા વિનાની વૈરાગ્યની આવી ભવ્ય રમણિયતા બીજે ભાગ્યે જ જોવા મળશે. અહીં બાહ્ય નીતિનિયમોનો આડંબર નથી તો આંતરિક વૈરાગ્યના શિસ્તપાલનમાં લેશમાત્ર કચાસ નથી.

તો આ ચીવટ ધારણ કર્યા વિનાનું મહાભિનિષ્ક્રમણ! તેમ છતાંય એની મહાનતા અને ગૌરવ જરાય ઓછું નથી, ત્યાગની

તેજસ્વીતા અને વૈરાગ્યના વેગને પૂ. માએ અધિક ને અધિક ઉજ્જ્વળ કરી બતાવ્યા છે. આધ્યાત્મિક ઇતિહાસમાં એ એક સિમાચિહ્ન બની પ્રેરણાનાં પિયુષ પાયાં કરશે.

પૂ. માના ત્યાગ પાછળ નથી કોઈ જીવન રહસ્યની ખોજ. કે નથી કોઈ માનસિક આઘાત પ્રત્યાઘાતની અસર, પણ પ્રભુ-પ્રેમમાંથી પ્રકટેલું એ પ્રેમાચ્છાદિત ત્યાગ પુષ્પ છે. પ્રેમમય ત્યાગની છડી પોકારતું એ પુષ્પ આજે પણ એટલું જ મ્હેંકી રહ્યું છે. એ લ્હાવો લૂંટી લઈએ.

એ પ્રેમભીના, ત્યાગ, વૈરાગ્યથી શોભતા ભાગવતી તનુને આજના પ્રાકટ્ય પુણ્યપર્વે કોટિ કોટિ પ્રણામ સાથે પ્રાર્થના...

આજ તમારે શીતસુવાસિત ચરણે ઢાળી શીશ
આંખ ભરીને જોતાં કહિયે હૃદયે વસજો નીત
નેહ ભરેલ નયન સામેથી ખસજો નહિ ક્વચિત !


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

## માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦




તંબુની બહાર પ્રેરણા, રાધા અને સુરેશભાઈ શાહ સાથે પૂ. મા સર્વેશ્વરી



ફલોરીડા કેમ્પીંગમાં વાલીઓ સાથે પૂ. મા સર્વેશ્વરી



ફલોરીડા યાત્રામાં કેમ્પીંગમાં યુવકોતથા વિદ્યાર્થીઓસાથે પૂ. મા સર્વેશ્વરી



પૂ. મા સર્વેશ્વરી વિદ્યાર્થી બહેનો સાથે

# * શુદ્ધ પ્રેમ *

પ્રેમ કોઇ રીતે બંધનકારક થતો જ નથી. જે બાંધે છે એટલે કે ગુલામની જેમ પરવશ કરી પોતાની સત્તા ચલાવે છે તે પ્રેમ નથી, તે તો મોહ છે. પ્રેમ તો હંમેશાં મુક્તિદાતા છે. તે તો બંધનથી ઉન્મુક્ત કરનાર છે. માટે ઇન્દ્રિય તૃપ્તિનો પ્રેમ જે પૂર્ણ પવિત્ર પ્રેમ નથી, તેને સુસંસ્કૃત કરી આત્માના સીધા વ્યવહારમાં માણસે આવવું જોઇએ. પ્રેમમાં પણ વિકારનું તત્ત્વ કોકવાર (શરૂઆતમાં) આવે છે. પણ તેમાં ને મોહમાં મુખ્ય અંતર એ જ છે કે પ્રેમ મુખ્યત્વે ઇન્દ્રિયો, મન ને શરીરથી પર કોઇ તત્ત્વના આકર્ષણરૂપે પ્રકટ થયેલી વસ્તુ છે. જ્યારે મોહ કેવલ શરીર ને ઇન્દ્રિયો પર જ મુખ્યત્વે રચાયેલી વૃત્તિ છે. એટલે પ્રેમના મૂળ સ્વરૂપને ઓળખવાથી પણ ખૂબ લાભ થાય છે. પ્રેમ એ ઈશ્વરનું જ સ્વરૂપ છે એમ માનવામાં આવે તો પ્રેમ (ભલે સ્ત્રીનો, માતાનો કે કોઇનો પણ) કદી બંધનકારક થઇ શકતો નથી. એમ જ માનવું કે દિવ્ય અનુભૂતિ વાટે પ્રકટ થતો પ્રેમ જે દેવી જગદંબા સારીયે સૃષ્ટિમાં અનેકાનેક રૂપે વ્યાપી રહી છે તે જ પ્રેમનો–તે જ દેવીનો એક પ્રવાહ છે ને દિવ્ય અનુભૂતિ પણ તે જ મહાદેવીનું જીવંત પ્રતિરૂપ છે. આવી દૃઢ અનુભૂતિ આગળ વિકાર એક તિલમાત્ર પણ રહી શકતો નથી ને પ્રેમનો પવિત્ર સ્વાદ મળે છે. બસ. આ જ તો ઈશ્વર છે. આજ તો ઈશ્વરનો પ્રવાહી પ્રેમોદ્રેક–અવતાર ! ધન્ય હો આવી અનુભૂતિ કરનારને! ગૃહસ્થજીવનમાં રહીને પણ આ ઉચ્ચોચ્ચ પ્રેમરૂપી પરમેશ્વરનો સાક્ષાત્કાર કરનારને !

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * ચિત્તશુદ્ધિ *

સંધ્યાપૂજાની જરૂર હરેકને છે જ એમ નથી. તે તો એક વિધિ છે. મુખ્ય વાત તો એ છે કે તે દ્વારા ચિત્તશુદ્ધિ કરીને માણસે પોતાના પ્રેમના વર્તુલને વિશાળ બનાવવું જોઈએ. રાગદ્વેષથી પર થવું જોઈએ, ને ટૂંકમાં દૈવી સંપત્તિના અવતાર જેવું થઇ રહેવું જોઈએ. આ સ્થિતિ પછી સંધ્યા–પૂજા જેવી ક્રિયાઓ આપોઆપ ખરી પડે છે, પણ ઘણા પુરુષો તેવી ઉચ્ચોચ્ચ અવસ્થા પ્રાપ્ત થયા પછી પણ તેને સાચવી રાખે છે. જેમ કે તોતાપુરી. એટલે કોઇ સંધ્યા ભલે ના કરે, પરંતુ રાતે અથવા સ્નાનાદિ કર્યા પછી વહેલી સવારે પૂજાને નામે પણ એક સ્થાને બેસવું તો જોઈએ જ. તે સમયે જપ કરવા બહુ ઉપયોગી છે ૦ાા–૦ાાા કલાક જપ કરવા જોઈએ. તેની શરૂમાં ને અંતમાં પ્રાર્થના કરવી જોઈએ. ઉપરાંત દિવસના સારાયે ભાગમાં કોઇ પણ કામ કરતાં જપ માનસિક રીતે કરવાનો અભ્યાસ રાખવો જોઈએ. સંસારનો, કામિનીકાંચનનો ને માન પ્રતિષ્ઠાનો મોહ છોડીને જેમણે પોતાનું જીવન ઈશ્વરપરાયણ કર્યું છે ને તે વાટે પરમ શાંતિ મેળવી છે. એવા મહાપુરુષોના જીવનનું પણ વારંવાર મનન કરવું જોઈએ. આથી પરાભક્તિ (જેમાં પ્રેમ ને આંસુનો સમાવેશ છે તે)નો વિકાસ થાય છે આંસુને તથા પોકરોને જ સર્વસ્વ માની લેવાની જરૂર નથી. વિરહને ને વ્યાકુળતાને જ આખરી સ્થિતિ સમજી બેસી રહેવાનું નથી, પરાભક્તિની સાથે સાથે દિવ્યદૃષ્ટિ પણ પ્રકટવી જોઈએ.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.